**સુવિચાર**

પ્રગતિ સાધવી હોય તો કાયમ પોતાનાથી વધુ હોંશિયારની સાથે રહેવું.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૬/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1996
હરિૐ
PENDAWALA
પંજાબી સમોસા
સેન્ડવીચ ઢોકળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૧૫૬

## પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ અકસ્માતમાં ભોગ બન્યા

# અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં ૨૯૧થી વધુ મુસાફરોનાં મોતની આશંકા

**એરપોર્ટ ઉપરથી ઉડાન ભર્યા પછી ગણતરીની સેંકડોમાં જ વિમાન દુર્ઘટના ગ્રસ્ત થયું**

**એરપોર્ટની બહાર આવેલ મેડિકલ કોલેજની મેસ બિલ્ડિંગ પર વિમાન તુટી પડયું**

**૭૦ થી ૮૦ જેટલા ઈન્ટર્ન તબીબો ભોજન કરતાં હોય અને વિમાન તેમના તુટયુ**

**ઈન્ટર્ન તબીબોમાંથી અનેક ઈજાગ્રસ્ત અને ૫૦નાં મોત થયાની પણ શકયતા જોવા મળી રહી છે**



અમદાવાદ, તા.૧૨

ગુરુવારે બપોરે અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી એર ઈન્ડિયાનું એક વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ વિમાનમાં ૧૦ ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. સમાચાર એજન્સી એસોસિએટ પ્રેસ (AP)ના રિપોર્ટ મુજબ વિમાન દુર્ઘટનામાં તમામ ૨૪૨ લોકોના મોત થયા છે. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા, જેમાં મુસાફરો અને ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે, જે બધાના મોત થયા છે. સમાચાર એજન્સી એસોસિએટ પ્રેસ (AP)ના રિપોર્ટ મુજબ અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિકે જણાવ્યું હતું કે એવું લાગે છે કે વિમાન દુર્ઘટનામાં કોઈ બચ્યું નથી. તેમણે કહ્યું કે વિમાન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હોવાથી "કેટલાક સ્થાનિક લોકોના પણ મૃત્યુ થયા હશે. આ અકસ્માત પછી, અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી મર્યાદિત ફ્લાઈટ કામગીરી ફરી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટ નજીક એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ ભારતીય સશસ્ત્ર દળોની ટીમોને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે મોકલવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રારંભિક રાહત કામગીરી માટે સશસ્ત્ર દળો સાથે એનડીઆરએફ અને અન્ય એજન્સીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. સેનાના જણાવ્યા અનુસાર, લશ્કરી દળોની આ ટીમમાં તબીબી ટીમો અને અન્ય બચાવ કર્મચારીઓ તૈનાત હતા. વડા પ્રધાન નરેંદ્ર મોદીએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડુ સાથે વાત કરી છે અને અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના અંગે પૂછપરછ કરી હતી.

ગુરુવારે (૧૨ જૂન) બપોરે અમદાવાદમાં લંડન જઈ રહેલું

અનુસંધાન પાના ૬ ઉપર

### નેતાઓએ ટ્વિટ કરી વ્યક્ત કર્યુ દુઃખ

## વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન

**શક્તિસિંહ ગોહિલે વિજય રૂપાણી મૃત્યુંના સમાચારને ગણાવ્યા દુર્ભાગ્યપૂર્ણ : શંકરસિંહ વાઘેલાએ પણ દુઃખ વ્યક્ત કર્યું**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં આજે (૧૨ જૂન) બપોરે બનેલી એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ક્રૂ મેમ્બર્સ સહિત ૯૧ લોકોના મોત નીપજ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ દુઃખદ નિધન થયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. વિજય રૂપાણીના નિધનના સમાચારથી ગુજરાતના રાજકીય વર્તુળમાં શોકનો માહોલ છવાયો છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વિજય રૂપાણીના નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. વિજય રૂપાણીના ઘરની બહાર ભારે ભીડ જામી છે.

અમદાવાદના સરદાર



વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ટેક ઑફ કરતી વખતે એર ઈન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ વિમાન ઍરપોર્ટ પરથી બપોરે ૧.૩૮ વાગે ટેક ઑફ થયું હતું અને ૧.૪૦ વાગે દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક અહેવાલો પ્રમાણે, ટેક ઑફ વખતે વિમાનનો પાછળનો ભાગ વૃક્ષ સાથે અથડાતાં આ ઘટના બની હતી. એવું પણ કહેવાય છે કે, આ પ્લેનમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાથી દુર્ઘટના સર્જાઈ હતી.

કૉંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ X પર ટ્વિટ કરીને લખ્યું હતું કે વિજયભાઇ રૂપાણી, જેમની સાથે ગુજરાત વિધાનસભામાં એક સાથી તરીકે કામ કર્યું હતું. તેમનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુંના સમાચાર દુર્ભાગ્યપૂર્ણ છે. અતિશય કરુણ અને ન કલ્પી શકાય એવા દુઃખદ સમાચાર

અનુસંધાન પાના ૬ ઉપર

### સરકારે જાહેર કર્યો હેલ્પલાઇન નંબર

## વિમાનમાં ૬૦થી વધુ વિદેશી નાગરિકો સવાર હતા

**રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત**

અમદાવાદ, તા.૧૨

આજનો દિવસ અમદાવાદના ઈતિહાસમાં કાળા દિવસ તરીકે નોંધાશે. અમદાવાદમાં વિમાન દુર્ઘટનાની સૌથી મોટી ઘટના બની છે. આજે બપોરે ૧.૧૭ કલાકે એર ઈન્ડિયાની વિમાન જતી ફ્લાઈટે ટેકઓફ કર્યું હતું. પરંતુ ગણતરીની મિનિટો બાદ આ પ્લાઈટ ક્રેશ થઈ હતી. આ વિમાનમાં કુલ ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા. વિમાન દુર્ઘટના બાદ તત્કાલ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૯૦૦ અને મોબાઈલ નં. ૯૯૭૮૪૦૫૩૦૪ ઉપર સંબંધિતો સંપર્ક કરી શકશે.

એર ઈન્ડિયાએ પુષ્ટિ આપી છે કે અમદાવાદથી લંડન ગેટવિક જતી ફ્લાઈટ AI171 આજે ટેકઓફ પછી અકસ્માતનો ભોગ બની હતી. અમદાવાદથી બપોરે ૧૩.૩૮ વાગ્યે ઉપડેલી આ ફ્લાઈટમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા. આમાંથી ૧૬૯ ભારતીય નાગરિકો, ૫૩ બ્રિટિશ નાગરિકો, ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગીઝ નાગરિકો છે. વધુ માહિતી પૂરી પાડવા માટે અમે ૧૮૦૦ ૫૬૯૧ ૪૪૪ પર એક સમર્પિત પેસેન્જર હોટલાઈન નંબર પણ સ્થાપિત કર્યો છે.

### વડિયાનો યુવક, અમરેલીની દીકરી અને તોરીના ૨ વ્યકિત સહિત

## અમરેલી જિલ્લાના કુલ ૪ વ્યકિતઓ વિમાન દુર્ઘટનામાં મોતને ભેટયા

**તમામ લંડનનાં રહેવાસી પણ કોઈ કામસર ગુજરાત આવેલ**

અમરેલી, તા. ૧૨

અમદાવાદમાં આજે વિમાન દુર્ઘટનામાં અમરેલી જિલ્લાનાં કુલ ૪ વ્યકિતઓનાં મોત થતા સમગ્ર જિલ્લામાં શોકનો માહોલ છવાયો છે.

વડિયાના અર્જુન પટોળીયા નામનો ૩૬ વર્ષિય યુવક તેમના ધર્મ પત્નીનુ લંડન ખાતેથી અવસાન થતા તેમની ધાર્મિક ક્રિયા માટે વડિયા આવેલ હોય જે દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં અમદાવાદથી પરત લંડન જતા હતા, અને મોતને ભેટયા.

જયારે, અમરેલીની રિધ્ધીબેન પડશાલા (ઉ.વ.૩૯) નામની પરિણીતા રાજકોટ સાસરે અને હાલ લંડન



રહેતી હોય તે પણ અમદવાદાથી પરત લંડન જતાં વિમાન દુર્ઘટનામાં તેમનુ પણ મોત નિપજેલ છે.

જયારે, વડિયાનાં તોરી ગામનાં વતની અને હાલ લંડન ખાતે



રહેતા કાંતાબેન પાઘડાળ અને નાવ્યા પાઘડાળ પણ અમદાવાદથી પરત લંડન જતા હોય તેઓ બંને પણ મોતને ભેટેલ હોવાનુ જાણવા મળેલ છે.

### મેડિકલ મેસમાં થાળીઓ ભરેલી હતી

## ડોક્ટરો જમવાની તૈયારી કરતા હતા, એટલામાં ઉપરથી પ્લેન આવીને પડ્યું!

**વિમાન ગણતરીની મિનિટોમાં ક્રેશ થયું હતું અને વિમાન જે જગ્યા પર ક્રેશ થયું ત્યાં ડોક્ટર્સની હોસ્ટેલ આવેલી છે**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં મોટી વિમાન દુર્ઘટના બની છે, અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ જઈ રહેલી AI171 ફ્લાઈટ ક્રેશ થઈ છે, અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ બાદ આ વિમાન ક્રેશ થયું હતું. વિમાનમાં ૨૪૦થી વધુ લોકો સવાર હતા. ક્રેશ થયેલા વિમાનનો કેટલોક ભાગ મેઘાણીનગરમાં આવેલી અતુલ્ય મેડિકલ હોસ્ટેલ પર પડ્યો છે. જેની અંદરની હચમચાવી દેનારી તસવીરો સામે આવી હતી. જેમાં વિમાનના કેટલાક ભાગ ઈમારત સાથે ટકરાતા ઘણો ભાગ તૂટી પડ્યો છે. વિમાનના ટાયર, તેની બોડી સહિતનો ભાગ ઈમારતની અંદર દેખાઈ રહ્યા છે. જેમાં હોસ્ટેલની અંદર એક મેસ કે જ્યાં ડૉક્ટર્સ જમતા હોય તે ભાગ પણ દેખાઈ રહ્યો છે.

અમદાવાદમાં વિમાન ટેકઓફ થયાની ગણતરીની મિનિટોમાં ક્રેશ થયું હતું અને વિમાન જે જગ્યા પર ક્રેશ થયું ત્યાં જ ડૉક્ટર્સની હોસ્ટેલ આવેલી છે. અતુલ્ય હોસ્ટેલનો અંદરનો ભાગ વિમાન પડ્યા પછી જાણે છીન્નભીન્ન થઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. અગાઉ એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી હતી કે

અનુસંધાન પાના ૬ ઉપર

### અમદાવાદમાં પ્લેન ક્રેશ બાદ એરપોર્ટ બંધ કર્યું

## ફસાયેલા મુસાફરો માટે બે વંદે ભારત ટ્રેન દોડાવાશે

**ફ્લાઈટનું ઓપરેશન્સ નથી થઈ રહ્યું : તેમાં દિલ્હી અને આજુબાજુના લોકો અમદાવાદ એરપોર્ટ પર ફસાયા**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદથી લંડન જતાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ બાદ ક્રેશ થઈ ગયું. ત્યારબાદ અહીંનું એરપોર્ટ સાંજના પાંચ વાગ્યા સુધી બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે કોઈ પણ ફ્લાઈટનું ઓપરેશન્સ નથી થઈ રહ્યું. તેમાં દિલ્હી અને આજુબાજુના લોકો અમદાવાદ એરપોર્ટ પર ફસાયેલા છે. તેને ધ્યાનમાં રાખતા ભારતીય રેલવે બે સ્પેશિયલ વંદે ભારત અમદાવાદ માટે ચલાવવાની તૈયારી કરી રહ્યું છે. તેનું શિડ્યુલ ટૂંક સમયમાં જાહેર કરી દેવામાં આવ્યું છે.

ભારતીય રેલવે અનુસાર, અમદાવાદથી દિલ્હી અને આજુબાજુના કેટલાય શહેરો માટે રોજ કેટલીય ફ્લાઈટ્સ આવે છે. દુર્ઘટનાને ધ્યાનમાં રાખતા સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હાલમાં બંધ કરી દેવામાં આવ્યું છે. આ જ કારણથી દિલ્હી આવતી ફ્લાઈટ્સ પણ નથી ચાલી રહી.

આ ઉપરાંત, સંભાવના છે કે, પ્લેન ક્રેશમાં કેટલાય શિકાર થયેલા

અનુસંધાન પાના ૬ ઉપર

### ૧૩૩ લોકોના મોત થયા હતા

## અગાઉ અમદાવાદમાં વર્ષ ૧૯૮૮માં પ્લેન ક્રેશ થયું હતું

**ભારતમાં વર્ષ ૧૯૭૨થી લઈને વર્ષ ૨૦૨૫ સુધીમાં પ્લેન ક્રેશની આવી કુલ ૧૦ ઘટનાઓ બની છે**

નવી દિલ્હી, તા.૧૨

ગુજરાતના અમદાવાદમાં પ્લેન ક્રેશ થયું છે. એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર એરપોર્ટ પરથી ટેકઓફ થતાની સાથે જ થોડીક જ સેકન્ડ મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થયું છે. આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. વિમાનમાં કુલ ૨૪૨ લોકોમાં ૧૬૯ ભારતીય મુસાફરો, ૫૩ બ્રિટિશ મુસાફરો, સાત પોર્ટુગીઝના નાગરિકો અને એક કેનેડિયન નાગરિક અને ૧૨ ક્રૂ મેમ્બર સવાર હતા. વિમાન મેઘાણીનગર સ્થિત ધડાકાભેર એક બિલ્ડિંગને અથડાયા બાદ ફ્લાઈટમાં ભયાનક આગ લાગી હતી. હાલ એનડીઆરએફ સહિત તમામ ટીમો રેસ્ક્યુ-ઓપરેશન કરી રહ્યા છે.

પ્રાથમિક તપાસમાં ફ્લાઈટના એન્જીનમાં ટેકનીકલ ખામી હોવાનું અને ફ્લાઈટના પાછળના ભાગે કોઈક વસ્તુ અથડાઈ હોવાની વિગતો સામે આવી છે. ઘટનામાં મૃત્યુઆંકની હાલ કોઈ પુષ્ટી થઈ નથી. ઘટનાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. એનડીઆરએફ અને ફાયર બ્રિગેડની ટીમ રાહત અને બચાવ કાર્ય કરી રહી છે. વિમાનમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી હોવાની આશંકા સેવાઈ રહી છે, જો કે તે અંગે પુષ્ટી થઈ નથી. ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે. અમદાવાદમાં બનેલી આ ઘટનાએ ફરી ભારતમાં વિમાનોની સુરક્ષા પર સવાલ ઉભી કરી દીધા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, સૌથી વધુ ઘટના ટેકઓફ

અનુસંધાન પાના ૬ ઉપર

### ગરીબ અને મધ્યમ ગૃહિણીઓ ત્રાહીમામ

# સાવરકુંડલા : કાળઝાળ ઉનાળો અને એમાં શાકભાજીનાં ભાવો આસમાને પહોંચ્યા

### મોંઘવારી નામની બલ્લા પીછો છોડતી નથી



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરમાં હાલ સખત ગરમી વચ્ચે આ કાળઝાળ ઉનાળા દરમિયાન લોકોની રોજિંદી જરૂરિયાત એવા શાકભાજીના ભાવ આસમાને આમ ગણીએ તો ઉનાળો આવે એટલે શાકભાજીના ભાવ ઉંચા ચડવા લાગે. જેમ જેમ ઉનાળાની પ્રખર ગરમી પડે એટલે ગુવાર, ઘીસોડા, રીંગણા, ટમેટા, દુધી જેવા અનેક રોજબરોજના ઉપયોગમાં આવતા શાકભાજીઓના ભાવ આસમાને પહોંચે છે. ખાસ કરીને ગુવાર, તુરિયા જેવા શાકભાજી તો ૧૫૦ આસપાસ કિલો લેખે વેચતા જોવા મળે છે. જો કે ગરીબ માણસની કસ્તુરી એટલે કે ડુંગળી ૨૦ થી ૨૫ રૂપિયે કિલો વેચાણ થતી જોવા મળે છે. જો ચોમાસુ હજુ થોડું વધુ પાછું ઠેલાશે તો શાકભાજીના ભાવમાં હજુ પણ વધારો થવાની શકયતા છે. એક તો કાળઝાળ મોંઘવારીમાં આ આમ જનતા માટે આ ભાવ વધારો ગૃહિણીઓના રસોડાના બજેટને ખોરવનાર સાબિત થાય છે.

### સ્થાનિક કક્ષાએ કરેલ રજૂઆતનું કોઈ પરિણામ ન મળતા

# લીલીયા મોટાનાં ગોઢાવદર ગામની મહિલાઓએ પીવાના પાણીનાં અભાવથી પરેશાન થઈ આવેદનપત્ર પાઠવ્યું

### પીવાનુ પાણી ન મળેતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની આપી ચીમકી



લીલીયા, તા. ૧૨

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે વણકરવાસમાં રહેતા મહિલાઓ પોતાની પાણીની માંગને લઈને પહોંચ્યા મામલતદાર કચેરીએ જયાં પાઠવ્યું આવેદનપત્ર. સાથે સાથે તાલુકા વિકાસ અધિકારીને પણ પાણી બાબતે પાઠવ્યું આવેદનપત્ર. જેમાં જણાવ્યું કે વણકરવાસમાં છેલ્લા કેટલા દિવસોથી પીવાનું પાણી મળતું નથી. ગામના સરપંચને અવારનવાર રજૂઆત કરવા છતાં પાણી મળતું નથી. ગામના વાલમેનને અવારનવાર રજૂઆત કરતા વાલમેન દ્વારા ઉદ્ધતાઈથી જવાબો આપવામાં આવે છે. જેમાં કહેવાય છે કે જયાં જવું હોય ત્યાં જજવ તમારા વણકરવાસમાં પાણી નહીં આવે. ત્યારે પત્રમાં એ પણ આક્ષેપ કરાયો કે ગામની પાણી સમિતિના રૂપિયા ગામમાં મુકેલા કેમેરા તેમજ પંચાયત ઓફિસમાં એ.સી.માં વાપરવામાં આવે છે. જેથી ભંડોળ ન હોવાથી લાઈનનું રીપેરીંગ કામ કરવામાં આવતું નથી. તો આ બાબતે વણકરવાસની મહિલાઓ દ્વારા મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી ગોઢાવદર ગામના દલિત વિસ્તારમાં પાણી આપવા માટે વહેલી તકે યોગ્ય કરી અથવા કરાવી ન્યાય આપવા સાથે સાથે પત્રમાં લખવામાં આવેલ છે કે જો યોગ્ય માંગણી સ્વીકારવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ પર પણ ઉતરવાની પત્રમાં ચીમકી આપવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# લાઠીમાં આવેલ ભગતપરામાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમી ઝડપાયા

### રૂપિયા ૧૧૩૫૦નો મુદ્દામાલ જબ્બે

અમરેલી, તા. ૧૨

લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.એમ. સોનીની સુચના અને માર્ગદર્શન નીચે લાઠી પોલીસ ટીમ દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે લાઠીમાં આવેલ ભગતપરામાં જાહેરમાં હાર–જીતનો જુગાર રમતા લાઠી ગામે રહેતા ભાવેશભાઈ ભીખાભાઈ વડેચા, વિજયભાઈ કનુભાઈ પીપળીયા, અરવિંદભાઈ બાબુભાઈ મોરવાડીયા, અનિભાઈ બટુકભાઈ સોલંકી, વિશાલભાઈ કિશોરભાઈ રાણાવડીયા તથા વિપુલભાઈ બટુકભાઈ બજાણીયા સહિત છ પતાપ્રેમીઓને રોકડા રૂા. ૧૧૪૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં કાર્યકાળનાં ૧૧ વર્ષ પૂર્ણ થયા

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ''સંકલ્પથી સિધ્ધિ સુધી'' અંગે પત્રકાર પરિષદમાં વિસ્તૃત વિગતો રજુ કરવામાં આવી

### સાંસદ સુતરીયા, ભાજપા) પ્રમુખ કાનાણી, ભાજપ અગ્રણી પૂ. શંભુપ્રસાદ ટુંડીયા ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતે આજે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કેન્દ્રના શાસનના કાર્યકાળને ૧૧ વર્ષ પૂર્ણ થતા. અમરેલી જિલ્લા ભાજપ ધ્વારા સંકલ્પથી સિધ્ધિ સુધી કાર્યકમ યોજવામાં આવ્યો હતો.

બાદમાં આ કાર્યકમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સિધ્ધિ અંગે અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદ યોજવામાં આવેલ હતી. જેમાં ૧૧ વર્ષમાં પ્રધાનમંત્રી મોદીએ અમરેલી માટે વિકાસની હરણફાળ ભરી હોવાની વાત અમરેલી સાંસદ ભરત સુતરીયા એ કરી હતી.

જયારે પ્રધાનમંત્રી મોદીએ ૧૧ વર્ષના સુશાસન ધ્વારા બોર્ડ, હોર્ડિંગ, કટ આઉટમાં સિધ્ધિઓ વર્ણવી હતી. તે પ્રદશનની મુલાકાત શંભુપ્રસાદ ટુંડીયા અમરેલીના સાંસદ ભરત સુતરીયા અને અતુલ કાનાણીએ લીધી હતી.

બાદમાં અમરેલી સેન્ટર પોઈન્ટના સરદાર સર્કલ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા ૧૧ વર્ષના કામોની પ્રદર્શનીનું ઉદ્ઘાટન પ્રદેશ ભાજપના વરિષ્ઠ આગેવાનો સાથે ગઢડાના ધારાસભ્ય અને જર્જરડાના સંત



સવૈયાનાથની જગ્યાના મહંત શંભુનાથજી ટુંડીયા વિશેષ ઉપસ્થિત વચ્ચે યોજાયેલ હતો.

અમરેલી સાંસદ ભરત સુતરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સાથે ગઢડાના ધારાસભ્ય શંભુપ્રસાદ ટુંડીયા ધ્વારા પત્રકાર પરિષદ યોજીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સિધ્ધિઓ વર્ણવી હતી.

### યુવા અગ્રણી ભાવેશ સોલંકીનો આક્રોશ

# સરકારી વિભાગો માત્રને માત્ર આંદોલન કરવાથી જ જાગૃત થાય છે

### ગ્રામસેવકની ભરતીને લઈને વિવાદ

કોડીનાર, તા. ૧૨

કોડીનાર ૨૦૧૬–૧૭માં થયેલ ગ્રામસેવક ભરતીમાં નિયમો વિરૂદ્ધ નોકરીઓ આપી દેવામાં આવતા યુવા અગ્રણી દ્વારા સબંધિત વિભાગો અને વડાપ્રધાન, મુખ્યમંત્રી સહિતનાઓને નવા નામો સાથે ફરીથી લેખિત ફરિયાદ કરેલ છે.

રાજયમાં ૨૦૧૬–૧૭માં ગ્રામસેવકની ભરતી કરવામાં આવેલ જેમાં કૃષિ ડિપ્લોમા તેમજ બી.આર.એસ.ની લાયકાત નક્કી કરવામાં આવેલ, પરંતુ રાજયના અનેક જિલ્લાઓમાં આ બે ડિગ્રી સિવાયની અન્ય ડિગ્રી ધરાવનાર ઉમેદવારોને નિમણૂકો આપી દેવામાં આવેલ જેને લઈને યુવા અગ્રણી ભાવેશભાઈ સોલંકીએ અલગ અલગ જિલ્લાઓના મળીને કુલ ૧૭ ઉમેદવારોના નામ જોગ ફરિયાદ મુખ્યમંત્રી સહિતનાઓને કરી હતી, જે પૈકી બનાસકાંઠા જિલ્લામાં કોર્ટના આદેશ બાદ આશરે ૯ ઉમેદવારોને ૫–૬ વર્ષે બરતરફ કરવામાં આવેલ છે તેમજ ગીરસોમનાથ જીલ્લામાં એક ઉમેદવારે નોકરી સ્વીકારેલ ન હતી, પરંતુ તે સિવાયના અન્ય જિલ્લામાં ગેરરીતિથી નોકરીએ લાગેલા ઉમેદવારો સામે આજદિન સુધી સબંધિત વિભાગો દ્વારા કોઈ પણ પગલા લેવામાં આવેલ નથી અને નિયમો વિરૂદ્ધ નોકરી પર લાગેલ ઉમેદવારો અત્યારે બઢતી અને ફુલ પગાર પર નોકરી કરી રહ્યા હોય એવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે, અનેક ફરિયાદો છતાં કોઈ પણ પગલા ન લેવાતા યુવા અગ્રણી ભાવેશભાઈ સોલંકી દ્વારા આજરોજ વડાપ્રધાન, મુખ્યમંત્રી સહિતનાઓને પત્રના માધ્યમથી અગાઉના નામ જોગની યાદી ઉપરાંત ગેરરીતિથી લાગેલા તે સિવાયના વધુ ૧૨ ઉમેદવારોના નામ સહિત કુલ ૧૯ ઉમેદવારોના નામ જોગ ફરિયાદ કરી છે, તેમજ વિશેષમાં જણાવ્યું હતું કે આ સિવાયના અમુક જિલ્લાઓમા અમે માહિતી મેળવી નથી શકયા ત્યાં તપાસ કરવામાં આવે તો હજુ પણ આ યાદીમાં ઘણા નામ ઉમેરાવાની પૂરી શકયતાઓ રહેલી છે.

વિશેષમાં ૨૦૨૦ની ફરિયાદમાં ઉલ્લેખ કરેલ જિલ્લાઓના જિલ્લા વિકાસ અધિકારીઓને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અહેવાલ રજૂ કરવા જણાવેલ, જેમાં સબંધિત જિલ્લા પંચાયતોએ શરતચૂકથી ભરતી થઈ છે તેવું સ્વીકાર્યું છે.

વિશેષમાં ભાવેશભાઈ સોલંકીએ કહ્યું હતું કે જિલ્લા પંચાયતોએ ભરતીમાં ગેરરીતિ સ્વીકારી હોવા છતાં હજુ સુધી તે બાબતે કોઈ પગલા લેવામાં આવેલ નથી અને મેરીટમાં આવતા મૂળ હકદારને નોકરી આપવામાં આવેલ નથી જે ખૂબ જ નિંદનીય બાબત છે.

### રાજુલાનાં કોટડી ગામે રહેતા પતિ–પત્ની પર હુમલો

# ડુંગળીનાં પૈસાને લઈને ડ્રાઈવર અને તેમના પત્ની ઉપર પાંચ ઈસમોએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતા ભુપતભાઈ રામભાઈ ગુજરીયા નામના ડ્રાઈવર ડુંગળી લે–વેચનું કમીશન એજન્ટનું કામ કરતા હોય. તેમણે રાજુલા તાલુકાના કાતર ગામે રહેતા ભવનભાઈ કવાડ પાસેથી ડુંગળીની ખરીદી કરેલ હોય. જે ડુંગળી વેચવા મોકલતા ડ્રાઈવરના ઓનીયન પેઢીના માલીકે ખરાબ ડુંગળી હોવાના કારણે ખરીદ કરેલ ન હોય. જે ડુંગળી ભવનભાઈ કવાડને સસ્તા ભાવે વેચવી પડેલ હતી. જેથી નુકસાની થયેલ હોય તેની રકમ આરોપીએ ડ્રાઈવર પાસે માંગતા હોય અને ડ્રાઈવર આ નુકસાનીના રૂપિયા આપવા માંગતા ન હોય. જેથી ભવનભાઈ કવાડ સહિત પાંચેય આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી બનાવી સમાન ઈરાદો પાર પાડવા તા. ૧૦ના રોજ રાત્રીના આશરે દશેક વાગ્યે ડ્રાઈવરના ઘરે આવી ડ્રાઈવર તથા તેના પત્નિને ગાળો આપી તથા ઢીકા પાટુ વડે મુંઢ માર મારી ઈજાઓ કરી તથા ડ્રાઈવરને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.




# દામનગરનાં સાર્વજનિક પુસ્તકાલયમાં સેવાભાવી રાહુલ ત્રિવેદીનું આગમન



દામનગર, તા. ૧૨

દામનગર શહેરમાં સમાજ સેવાના વિવિધ આયામો સાથે મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલયમાં વલસાડ શંકરધામ અને શિવ ઓમ ચેરિટીના ચેરમેન રાહુલ ત્રિવેદી પધારતા ઉષ્માભર્યું સ્વાગત કરાયું મૂળ દામનગરના મુંબઈ સ્થિત રાહુલ ત્રિવેદી વલસાડ સ્થિત સંસ્થાન શંકરધામ અને શિવ ઓમ ચેરિટીના ચેરમેન દ્વારા દામનગર શહેરમાં પોતાના વડીલો પારજીત સ્થાવર મિલકતમાં વિશાળ હોલ નિર્માણ કરાવ્યો. આ મિલકતનો સંપૂર્ણ સામાજિક ઉપીયોગ કરવા શહેરમાં દૈનિક બોપરનું જરૂરિયાતમંદને સાત્વિક ભોજન પ્રસાદ અને વડીલોને સંપૂર્ણ મફત ફિજીયોથેરાપીસ્ટ સેવા માટે લાવવા લઈ જવા સુધીના ઉદ્દેશ સાથે સેવા કેન્દ્ર પ્રારંભ કરવા સ્થાનિક અગ્રણીઓ કાર્યકરો સાથે વિસ્તૃત પરામર્શ કરાયો હતો. દામનગર શહેરમાં પુરબીયા શેરી સ્થિત નવનિર્માણ પામેલ હોલનો ઉપીયોગ સામાજિક સેવા સંસ્થાન અન્નક્ષેત્ર અને વયસ્ક નાગરિકોની સેવાના અભિગમ સાથે કરવા રાહુલ ત્રિવેદીએ દામનગર મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલય ખાતે પધારતા પ્રમુખ હરજીભાઈ નારોલા, મંત્રી નટુભાઈ ભાતિયા, ભરતભાઈ ભટ્ટ, બાબુભાઈ મકવાણા, રજનીભાઈ ધોળકિયા, વજુભાઈ રૂપાધડા, રાજેશભાઈ કનાડીયા, બટુકભાઈ શિયાણી, કૌશિકભાઈ બોરીચા, વસંતભાઈ ડોબરીયા, દીપકભાઈ રાવળ, રાજેશભાઈ મસરાણી, નિખિલભાઈ દીક્ષિત, મનસુખભાઈ નારોલા, જયતિભાઈ નારોલા, સુરેશભાઈ મકવાણા, લાભુભાઈ નારોલા, બુધાભાઈ વનરા, ગોરધનભાઈ આસોદરિતા, ભગવાનભાઈ નારોલા સહિતના દ્વારા શંકરધામ અને શિવ ઓમ ચેરિટીના ચેરમેન રાહુલ ત્રિવેદીનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું અને અસંખ્ય સ્વંયમ સેવી કાર્યકરો સાથે વિસ્તૃત પરમાર્થ કરાયો હતો. જેમાં દામનગર ખાતે સેવાના અનેક આયામો સાથે ઉચ્ચતર અભ્યાસ કરતા છાત્રો માટે ફરી તાલીમ કેન્દ્ર શિક્ષણ વયસ્ક નાગરિકો માટે ફ્રી સ્ટ્રીટમેન્ટ આરોગ્ય અને જરૂરિયાતમંદ વ્યકિતઓને દૈનિક બપોરના સાત્વિક આહાર જેવી સેવાઓને મહત્વ આપી પ્રારંભ કરવા તૈયારી દર્શાવી હતી.




અમરેલી શહેરમાં ઓપીડી



ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ

ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : ૧૩-૦૬-૨૦૨૫ (શુકવાર )

એપોઈન્ટમેન્ટ માટે : ૭૦૯૯૫૫૫૭૪૭
સમય : સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૧:૦૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) અમરેલી

તપાસ ફી ૬૦૦/-

રાજ સુપર-સ્પેશ્યાલિટી હોસ્પિટલ
The skill to heal, spirit to care

ICU DEPARTMENT
24x7
આપની સેવામાં ઉપલબ્ધ
ટ્રોમા સેન્ટર

વધુ માહિતી માટે : ૭૦૯૯૫૫૫૭૪૭

ડૉ. યાજ્ઞિક રોડ, માલવિયા ચોક પાસે, રાજકોટ -૧. ૯૨૨૭૯૯૬૬૦૬ , ૮૦૦૦૩૫૭૩૯૮

### ફેકટરીઓમાં શ્રમિકની સુરક્ષાનાં નિયમોનું પાલન જરૂરી

# અમરેલીની વૃંદાવન ઓઈલ મીલમાં સાડી ફસાઈ જતાં શ્રમિક ગર્ભવતી મહિલાનું કમકમાટીભર્યુ મોત

### જવાબદાર તંત્રએ તમામ ફેકટરીમાં ચકાસણી કરવી જરૂરી

અમરેલી, તા. ૧૨

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ વૃંદાવન ઓઈલ મીલમાં રહેતા અને ઘાણાના રૂમમાં સફાઈ કરતા મીનાબેન સુકેશભાઈ રામાભાઈ વસૈયા ગત તા. ૧૦ના રોજ સવારે ૭:૫૦ વાગ્યે વૃંદાવન ઓઈલ મીલમાં ઘાણાના રૂમમાં સફાઈ કરતા હતા તે દરમિયાન તેમણે પહેરેલ સાડી ઘાણામાં આવી જતા તે મશીનના પટ્ટામાં પોતાનું શરીર આવી ફગવાઈ જતા શરીરના ભાગે ગંભીર ઈજા થતા તથા છ મહિનાનું ગર્ભ હોય પેટના ભાગે ગંભીર ઈજા થતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# અમરેલી : મોઢ વણિક કોમ્યુનિટી પોપર્ટી દ્વારા વિનામુલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી દ્વારા તથા પારેખ રણછોડ દેવચંદ વિદ્યાર્થી ગૃહ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા દસમો વિનામૂલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો. મોઢ મહાજન વાડી અમરેલી ખાતે યોજાયેલો. આ કેમ્પનું ઉદઘાટન રમેશચંદ્ર ભટ્ટ, સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ પરીખ, રાજુભાઈ પરીખ, ભગીરથીબેન સોલંકી, ડો. રવિભાઈ પરમાર, કિર્તીભાઈ ભટ્ટના ઉપસ્થિત થયું હતું. રમેશચંદ્ર ભટ્ટ આજરોજ ગૌશાળા અમરેલીને રૂા. ૫૧૦૦૦/– હજારનું દાન ચેક દ્વારા આપેલ મોઢ વણિક જ્ઞાતિ દ્વારા ચાલુ વર્ષે સેવાકીય પ્રવૃતિ અંતર્ગત દસમો નેત્રનિદાન કેમ્પ યોજાયેલ એક વર્ષ દરમ્યાન મહીનાના બીજા ગુરૂવારે આ કેમ્પ યોજાય છે. આ કેમ્પમાં ૬૧ દર્દીઓએ લાભ લીધો. જેમાંથી મોતીયા ૩૨, ચશ્માના ૬ દર્દીઓ હતા. મોતીયાના ઓપરેશન સુદર્શન નેત્રાલય દ્વારા વિનામૂલ્યે કરવામાં આવશે. ચશ્મા રાહતદરે વિતરપ કરેલ. હવે પછીનો કેમ્પ આવતા મહીનાના બીજા ગુરૂવાર યોજાશે. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયુ છે. તેમજ કાંતાબેન ગોહીલ અમદાવાદનું સૌજન્ય રહ્યું હતું. તેમ વધુમાં સંસ્થાની યાદીમાં જણાવેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### દિવસ-રાત વિકાસની ગુલબાંગો વચ્ચે પીવાનું પાણી પણ પહોંચતુ નથી

# બગસરાની મારૂતિનગર શેરી નં.-૨ માં છેલ્લા પાંચ વર્ષથી અનિયમિત પાણી વિતરણથી રોષ

### સ્થાનિકોએ અનેકવખત રજુઆત કરી અને આશ્વાસન જ મળે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૨

બગસરા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણમાં મારૂતિ નગર શેરી નંબર ૨ માં છેલ્લા પાંચ વર્ષથી પાણી અનિયમિત આવવાના લીધે અનેક વખત સદસ્યને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ સદસ્યો દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવતા અંતે અહીં રહેતા રહીશો દ્વારા પાલિકા પ્રમુખને તેમજ ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી કે છેલ્લા પાંચ વર્ષથી પાણી અનિયમિત આવવાના લીધે અહીં રહેતા રહીશોને ભયંકર હાલાકીનો સામનો કરવો પડે છે. જયારે હાલમાં રોડ રસ્તાના કામગીરી ચાલુ હોવાથી છેલ્લા દોઢ મહિનાથી મીઠું પાણી પણ આવતું નથી જેના લીધે લોકોને પાણી માટે વલખા મારવા પડે છે. જયારે હાલમાં જે રોડ રસ્તાના કામો ચાલી રહ્યા છે તેમાં પણ લોટ, પાણીને લાકડા જેવા કામ કરવામાં આવી રહ્યા છે જેના લીધે લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે આ બાબતે રજૂઆત કરતા પાલિકા પ્રમુખે તમારો પ્રશ્ન થોડા સમયમાં હલ થઈ જશે તેવો જવાબ આપેલ હતો. પરંતુ આવી રીતે ઘણી વખત આવા જ જવાબ મળવાના લીધે લોકોનો પ્રશ્ન હલ નહીં થાય તો ઉપર સુધી રજૂઆત કરીશું તેમજ ઉગ્ર આંદોલન પણ કરીશું તેવું કહેવામાં આવ્યું હતું. જયારે અહીંના રહીશોને પૂછતા તેમણે જણાવ્યું કે અમારે ઘણા સમયથી આ પ્રશ્નનું નિવારણ આવતું ન હોવાના કારણે અંતે અમે લોકોએ પાલિકા પ્રમુખને ચેતવણી આપી હતી કે તત્કાલ અમારો પ્રશ્ન હલ નહિ થાય તો ઉગ્ર આંદોલન કરીશું.

## વડેરા : જનતા વિદ્યાલય ખાતે બાળકોની આરોગ્ય ચકાસણી કરાઈ



અમરેલી, તા. ૧૨

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા દ્વારા જનતા વિદ્યાલય વડેરા ખાતે આર.કે.એસ.કે. કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૯ અને ધોરણ ૧૦ના બાળકોના વજન, ઊંચાઈ અને બી.એમ.આઈ.ની તપાઈ કરવામાં આવી. તથા બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ જેમ કે વાહકજન્ય રોગો ફેલાવવાના કારણો તેને અટકાવવાના ઉપાયો, ગપ્પી ફીશ ડેમોસ્ટ્રેશન, આહારમાં પૌષ્ટિક ખોરાક લેવાના ફાયદાઓ સમજાવવામાં આવેલ. આ કાર્યક્રમના અંતે બાળકોને સમોસાનો નાસ્તો આપવામાં આવેલ તથા દરેક બાળ કોને પ્રોત્સાહક ગીફટ આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, ડી.જી. રાજયગુરૂ, કે.બી. દુધાત, બીલકીસબેન ભટ્ટી, કાજલબેન જાદવ, રંજનબેન રવૈયા જનતા વિદ્યાલયના આચાર્ય મુકુંદભાઈ મહેતા અને જનતા વિદ્યાલયના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ.

### રાજકોટની મધ્યસ્થ જેલમાંથી

# વચગાળાનાં જામીન પરથી ફરાર થયેલ પાકા કામનાં કેદીની અટકાયત કરવામાં આવી

### અમરેલી પેરોલફર્લો સ્કવોર્ડ અને સાયબર ક્રાઈમની કામગીરી



અમરેલી, તા. ૧૨

મુળ ઉના તાલુકાના સોનારીયા ગામના વતની અને હાલ રાજકોટ રહેતા જેરામ ઉર્ફે પ્રવિણ ઉર્ફે રમેશ બાબુભાઈ ચુડાસમા નામના કેદીને જામનગર જિલ્લાના મેઘપર પોલીસ સ્ટેશનના ૪૭/૨૦૧૧ આઈ.પી.સી. ૩૦૨ મુજબના ગુન્હામાં આજીવન કેદની સજા થયેલ હોય, જે કામે આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હોય, અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૯/૭/૧૫ આદેશાનુસાર દિન–૨૧ વચગાળાના જામીન રજા પર મુકત થયેલ હતા.અને તેમણે તા.૫/૮/૧૫ના રોજ જેલ ખાતે હાજર થવાનું હતું. પરંતુ હાજર ના થઈ ફરાર થયેલ હોય, જે કેદી આજદિન સુધી ફરાર હતો.

અમરેલીના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ કે.વી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ ટીમ તેમજ પેરોલ ફર્લો સ્ક્વોર્ડ ટીમ રાજકોટના કુવાડવામાં આરોપીની તપાસમાં હોય અને તેઓને બાતમીના આધારે જામનગર જિલ્લાના મેઘપર પોલીસ સ્ટેશનના આરોપીને કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડી તપાસ પુછપરછ કરી આગની ઘટતી કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થ જેલને સોંપવા તજવીજ કરેલ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શું આપના કેમેરા, નોટ કાઉન્ટીંગ મશીન, અથવા કોઈપણ ઈલેકટ્રોનિક આઈટમ ખરાબ છે ?
CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિકયુરીટી સિસ્ટમ
ટેલીફોન, કોર્ડલેસ ફોન
Wi-Fi મોડેમ
EPABX
નોટ કાઉન્ટીંગ મશીન
L.E.D.T.V.(24"થી 85")
પ્રોજેકટર, અને ઘણું બધું...
હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...
ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
Total Solution of Tele Comunication & Video Surveillance...
કમલેશ ટાંક - 9825176163
પ્રિસીસન ટેલીકોમ
BS-૫, બીજા માળ, હરિરામ હોલસેલ માર્કેટ, હોટલ લોર્ડસ ઇન્સ્પાની સામે, જુનું માર્કેટીંગ યાર્ડ, અમરેલી




ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫






# ઇ-કેવાયસી વિના રેશન કાર્ડધારકોને અનાજથી વંચિત રાખવા એ કાયદાના ભંગ સમાન

## રેશન કાર્ડ ધારકોને મળતું અનાજ અન્ન અધિકાર સાથે જોડાયેલું હોવાથી ટેકનીકલ કારણસર તેને નકારી શકાય નહીં

ગાંધીનગર, તા.૧૨

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદામાં દરેક નાગરિકની અન્ન સુરક્ષાની જવાબદારી રાજ્યને સોંપાયેલી છે તેમ છતાં રાજ્યમાં ઇ-કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ ન કરી હોય તેવા અનેક રેશન કાર્ડ ધારકોને સરકારે અનાજથી વંચિત કરી દીધા હોવાનું બહાર આવ્યું છે. તે સંજોગોમાં રાજ્યમાં સરેરાશ લગભગ ૩.૮૨ કાર્ડધારકો અનાજ મેળવવાને પાત્ર છે તેની સામે હાલ કેટલાને અપાઈ રહ્યું છે તે જાહેર કરવા માગણી માગ ઉઠી છે. ઈ-કેવાયસી ન થયું હોય તો તેમાં ફક્ત કાર્ડ ધારકોની જવાબદારી ન હોવાથી રેશનિંગનું અનાજ બંધ ન કરી શકાય તે મુદ્દો પણ ધ્યાનમાં લેવાયો નથી. અન્ન સુરક્ષા અધિકાર અભિયાન દ્વારા જણાવાયું છે કે ગુજરાતમાં સરકારનો એવો દાવો છે કે દર મહિને કુલ ૭૮,૬૮,૪૬૮ રેશન કાર્ડ હેઠળ ૩,૮૨,૨૦,૩૨૭ કાર્ડ ધારકોને અનાજ આપવામાં આવે છે. જો કે માર્ચ મહિનાથી મે-૨૦૨૫ સુધીના ડેટા મુજબ દર મહિને ૩.૭૨ કરોડ લોકોને અનાજ અપાયાનો ડેટા આઈપીડીએસ પોર્ટલ પર મૂકવામાં આવ્યો છે. તેના કારણે લાખો કાર્ડ ધારકો અનાજથી વંચિત રહ્યા હોવાની ભીતિ ઉભી થઈ છે. ગુજરાતમાં એપ્રિલ-૨૦૨૬માં આ કાયદો અમલી બનાવાયો છે જે રેશન કાર્ડ ધારકો સાથે આંગણવાડી અને મધ્યાહન ભોજન યોજનાને પણ આવરી લે છે. જો કે કેન્દ્ર સરકાર દ્વારા ઈ-કેવાયસીની પ્રક્રિયા ફરજીયાત કરવાનો આદેશ કરાયો ત્યારે દેશભરમાં ૯૯.૮ ટકા જેટલા રેશન કાર્ડ આધાર કાર્ડ સાથે લીંક કરાયેલા હતા. તે પછી ઈ-કેવાયસીની સૂચના આવતા રેશન કાર્ડ ધારકોએ તેની પ્રક્રિયા કરી હતી. તેમ છતાં અંગુઠાનું નિશાન ન આવતા, આધારમાં ભૂલ હોવાથી, નેટવર્કના પ્રોબ્લેમ સહિતના કારણોથી અનેક લોકોનું ઈ-કેવાયસી થઈ શક્યું ન હતું. જેના કારણે મોટી સંખ્યામાં કાર્ડ ધારકોની પરમીટ ઓનલાઈન જનરેટ ન કરાતા તેમને અનાજ મળી શકતું નથી. વાસ્તવમાં રેશન કાર્ડ ધારકોને મળતું અનાજ અન્ન અધિકાર સાથે જોડાયેલું હોવાથી ટેકનીકલ કારણસર તેને નકારી શકાય નહીં. તે સંજોગોમાં અન્ન સુરક્ષા અભિયાન દ્વારા ઈ-કેવાયસીના મુદ્દે અનાજ અટકાવાયું હોય તેવા રેશનકાર્ડ ધારકોને પુનઃ અનાજ ચાલુ કરવા માગણી કરાઈ છે.

# CM ભૂપેન્દ્ર પટેલ અસારવા સિવિલ હોસ્પિટલ પહોંચ્યા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ ગણાવી હતી અને ઊંડો શોક વ્યક્ત કર્યો હતો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં ગુરૂવારે બપોરે બનેલી એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ક્રૂ મેમ્બર્સ સહિત ૯૧ લોકોના મોત નીપજ્યા છે. વિમાન દુર્ઘટના જાણ થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી સીધા અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોની મુલાકાત લઈ તેમના ખબર-અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ ગણાવી હતી અને ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. આ ભયાનક અકસ્માત બાદ તેમણે તાત્કાલિક ધોરણે બચાવ અને રાહત કાર્યને વેગ આપવા સૂચનાઓ આપી હતી. તેમણે ઘાયલ મુસાફરોને ઝડપથી સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવા માટે ગ્રીન કોરિડોરની વ્યવસ્થા કરવા અને હોસ્પિટલોમાં યુદ્ધના ધોરણે તમામ તબીબી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના પણ નિર્દેશ આપ્યા હતા. આ દુર્ઘટનાને પગલે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. અમિત શાહે આ વિમાન દુર્ઘટનામાં ચાલી રહેલા બચાવ અને રાહત કાર્યો માટે NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) અને કેન્દ્ર સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. આ દુર્ઘટનામાં જાનહાનિ અને નુકસાન અંગેની વિગતો હજુ સામે આવી રહી છે. તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.ગુજરાત સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૯૦૦ અને મોબાઈલ નં. ૯૯૭૮૪૦૫૩૦૪ ઉપર સંબંધિતો સંપર્ક કરી શકશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલે જાહેર કર્યા બે ફોન નંબર : અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રોમા (ઈમરજન્સી) સેન્ટરમાં દર્દીલક્ષી સારવાર સંબંધિત માહિતી મેળવવા સંપર્ક કરવા માટે૬૩૫૭૩૭૩૮૩૧ અને ૬૩૫૭૩૭૩૮૪૧ બે ફોન નંબર હોસ્પિટલ તંત્રે જાહેર કર્યા છે.

### તાજ મહેલ ભારતના સૌથી લોકપ્રિય પ્રવાસન સ્થળોમાંનું એક સ્થળ

# અવકાશમાંથી એક પ્રકાશ આવ્યો અને તાજમહેલ થયો ગાયબ

## આ ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ તેમણે એક વિચિત્ર પ્રકાશ જોયો અને પૃથ્વી પરની અજાયબી ગાયબ થઈ ગઈ છે

મુંબઈ, તા.૧૨

તાજ મહેલ ભારતના સૌથી લોકપ્રિય પ્રવાસન સ્થળોમાંનું એક સ્થળ છે. દુનિયાની આઠ અજાયબીઓમાં તે સ્થાન ધરાવે છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો ફરતો થયો છે, જેમાં આ તાજમહેલ ગાયબ થતો દેખાય છે. આ વીડિયોની શરૂઆતમાં દેખાય છે કે આગ્રાના આ જાણીતા સ્થાપત્યની ઉપર એક બ્લ્યુ પ્રકાશ પડે છે. થોડી જ ક્ષણોમાં તાજ મહેલ ગાયબ થઈ જાય છે અને તેનો કોઈ પુરાવો પણ દેખાતો નથી. વોલ્ટ ડિઝની સ્ટુડિયોઝ ઈન્ડિયા દ્વારા આ વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો છે. તેની આવનારી ફિલ્મ 'એલિયો'ની જાહેરાત માટે આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે.આ વીડિયો પોસ્ટ કરતા કેપ્શનમાં લખાયું છે, ''આગ્રાનાં આકાશમાં વિચિત્ર ઘટના બની છે. આ ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ તેમણે એક વિચિત્ર પ્રકાશ જોયો અને પૃથ્વી પરની અજાયબી ગાયબ થઈ ગઈ છે. ક્યાં ગયો? કોણ લઈ ગયું?'' તેમાં આગળ લખ્યું હતું, ''જો તમે આ અંગે કશું વધારે જાણવા માગતા હોય તો, ૨૦ જૂને 'એલિયો' જુઓ.'' ડિઝની પિક્સરની આ ફિલ્મ એક ઈન્ટરગેલેક્ટિક એડવેન્ચર ફિલ્મ છે, જેમાં ૧૧ વર્ષના એલિયોની વાત છે. એક નાનો છોકરો ગેલેક્સીમાં પહોંચી ગયો હોય છે અને ત્યાં તે પૃથ્વીનું પ્રતિનિધિત્વ કરે છે. આ ફિલ્મ ઈંગ્લિશ, હિન્દી અને તેલુગુમાં રિલીઝ થશે. આ ફિલ્મના ટ્રેલરમાં એલિયો વિવિધ ગ્રહો પર જે પડકારો અને મુશ્કેલીઓ અનુભવે છે, તેની વાત છે. તે વિવિધ ગ્રહો અને વિચિત્ર જીવોને મળતો હોય અને બ્રહ્માંડના વિવિધ પડકારોનો સામનો કરે છે, જ્યાં તેના અસ્તિત્વનો ખરો અર્થ શુ છે અને તે ભવિષ્યમાં શું બનશે એ પણ તે જાણે છે. 'એલિયો' પહેલાં ૧૩ જૂને રિલીઝ થવાની હતી પરંતુ એ જ દિવસે 'હાઉ ટુ ટ્રેઈન યોર ડ્રેગન' રિલીઝ થવાની હોવાથી આ ફિલ્મની રિલીઝ પાછી ઠેલાઈ હતી.

### વિમાન દુર્ઘટના પર નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

# પ્રભાવિતોની મદદ માટે હું સતત મંત્રીઓ-અધિકારીઓના સંપર્કમાં

## દુર્ઘટના બાદ વડાપ્રધાન મોદીએ નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડૂ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી આપી

નવી દિલ્હી, તા.૧૨

અમદાવાદમાં વિમાન દુર્ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું છે. તેઓ આ હ્યદયદ્રાવક દુર્ઘટનાથી ભાવુક થયા છે. તેમણે જણાવ્યું કે, તેઓ મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છે. અમદાવાદના મેઘાણીનગરમાં સર્જાયેલી આ દુર્ઘટનામાં અત્યારસુધી ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. જો કે, સત્તાવાર આંકડા હજી જાહેર થયા નથી. આ દુર્ઘટના ગુરૂવારે બપોરે ૧.૩૮ વાગ્યે બની હતી.

વડાપ્રધાન મોદીએ વિમાન દુર્ઘટના મુદ્દે એક્સ પર પોસ્ટ કરી હતી કે, અમદાવાદમાં સર્જાયેલી દુર્ઘટનાથી અમે સ્તબ્ધ અને દુઃખી છીએ. આ દુઃખની ઘડીમાં પ્રભાવિત તમામ લોકો સાથે મારી સંવેદના છે. હું મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છું. તેઓ લોકોની સહાયતા માટે કામ કરી રહ્યા છે.

દુર્ઘટના બાદ વડાપ્રધાન મોદીએ નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડૂ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી આપી હતી. અમદાવાદથી ગેટવિક (બ્રિટન) જઈ રહેલી ફ્લાઈટ છૈં ૧૭૧ ટૅકઑફની બે મિનિટમાં જ ક્રેશ થઈ હતી. વિમાનમાં બે પાયલોટ, ૧૦ ક્રૂ સભ્યો અને ૨૩૦ પેસેન્જર સવાર હતાં. નાગરિક ઉડ્ડયન મંત્રીના કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું કે, વડાપ્રધાનમોદીએ વ્યક્તિગત રૂપે નાયડૂ સાથે વાત કરી અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની જાણકારી લીધી હતી. રામમોહન નાયડૂ બચાવ તેમજ રાહત કામગીરી માટે અમદાવાદ જવા રવાના થયા હતાં.

એક અધિકારીએ જણાવ્યું કે, વડાપ્રધાને તાત્કાલિક ધોરણે તમામ આવશ્યક સહાયતા ઉપલબ્ધ કરાવવા નિર્દેશ આપ્યો છે. તથા સ્થિતિ વિશે નિયમિત રૂપે માહિતી આપવા કહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહ મંત્રીને નાયડૂ સાથે અમદાવાદ જઈ તમામ સંભવિત સહાયતા ઉપલબ્ધ કરાવવા આદેશ આપ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ ટ્વિટ કરી જણાવ્યું છે કે, અમદાવાદમાં બનેલી દુઃખદ વિમાન દુર્ઘટના વિશે જાણીને મને ખૂબ જ દુઃખ થયું છે. આ એક હૃદયદ્રાવક દુર્ઘટના છે. મારા વિચારો અને પ્રાર્થનાઓ પીડિતો સાથે છે. આ અવર્ણનીય દુઃખની પળમાં રાષ્ટ્ર તેમની સાથે છે.

### નર્સિંગ સહિત ૯ પેરા મેડિકલ કોર્સની

# ૫૧ હજાર બેઠક માટે ૩૦૮૫૧ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન નોંધાયું

## રજિસ્ટ્રેશન કરનારા તમામ પ્રવેશ મેળવે તો પણ ૨૦ હજારથી વધુ બેઠક ખાલી પડે તેવી સ્થિતિ

અમદાવાદ, તા.૧૨

ધો.૧૨ સાયન્સ પછી નીટ સિવાયના બીએસસી નર્સિંગ સહિતના ૯થી વધારે કોર્સમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી તે હાલ પૂર્ણ થઈ ગઈ છે. જુદા જુદા ૯ કોર્સની ૫૧૩૩૧ બેઠકો માટે હાલમાં ૩૧૭૭૯ વિદ્યાર્થીઓએ પીન ખરીદી છે. જે પૈકી ૩૦૮૫૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન અને ૨૫૯૩૯ વિદ્યાર્થીઓ ડોક્યુમેન્ટ વેરિફિકેશની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દીધી છે. નીટનું પરિણામ બાકી છે તેવી સ્થિતિમાં પેરા મેડિકલની કોલેજોમાં પ્રવેશ માટે આગામી દિવસોમાં ફરીવાર રજિસ્ટ્રેશન શરૂ કરવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.નીટ સિવાય બી.એસસી નર્સિંગ, જીએનએમ, એએનએમ, બી.ઓપ્ટોમેટ્રી, બી.ઓક્યુપેશનલ થેરાપી, બી.આર્થોટિક્સ અને પ્રોસ્થેટિક્સ, બીએએસએલપી અને બી. નેચરોપથી જેવા કોર્સમાં ધો.૧૨ સાયન્સના આધારે પ્રવેશ ફાળવણી કરવામાં આવે છે. હાલમાં રાજ્યમાં આ તમામ કોર્સની મળીને ૧૧૦૪ કોલેજોમાં ૫૧૩૩૧ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, હજુ સુધી નીટનું પરિણામ આવ્યું નથી. જે વિદ્યાર્થીઓને નીટના આધારે મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ કે હોમિયોપેથીમાં પ્રવેશ મળે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓ પેરા મેડિકલ એટલે કે નર્સિંગ, ફિઝિયોથેરાપી જેવા કોર્સમાં પ્રવેશ લેવા માટે પ્રયાસ કરતાં હોય છે. પ્રવેશ સમિતિ દ્વારા હાલમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે જે સમયમર્યાદા આપવામાં આવી હતી તે ૧૧મી જૂને પૂર્ણ થઈ ચૂકી છે. આ સ્થિતિમાં હવે નીટનું પરિણામ આવ્યા પછી જે વિદ્યાર્થીઓને સારા માર્કસ આવ્યા ન હોય અને તેઓ પેરા મેડિકલ કોર્સમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય તેમના માટે ફરીવાર રજિસ્ટ્રેશન શરૂ કરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે, હાલમાં જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તે તમામને જુદી જુદી કોલેજોમાં પ્રવેશ ફાળવી દેવામાં આવે તો પણ ૨૦ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. આ સ્થિતિમાં પ્રવેશ સમિતિ દ્વારા નીટ ના પરિણામ બાદ ફરીવાર રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવી પડશે તેવી પૂરી શક્યતા છે. આશ્ચર્યની વાત એ છે કે, હાલની સ્થિતિમાં અનેક બેઠકો ખાલી પડે તેમ છે. આમ છતાં આગામી દિવસોમાં નવી નર્સિંગ કોલેજોની મંજૂરી માટે જુદી જુદી સંસ્થાઓ દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. એટલે કે, પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા હજુ નર્સિંગ સહિતની અનેક નવી કોલેજોને મંજૂરી મળતાં તેમની બેઠકો પણ પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.

# પીએસઆઇ અને રાઈટર ભાગી ગયા જામનગરમાં ૧ લાખની લાંચ લેતાં પોલીસકર્મી રંગે હાથ ઝડપાયો

## તપાસમાં હેરાન પરેશાન નહીં કરવા લાંચ માંગી હતી

જામનગર, તા.૧૨

રાજકોટ એ.સી.બી.ની ટુકડીએ બુધવારે રાત્રે જામનગરમાં ધામા નાખ્યા હતા. સમર્પણ સર્કલ વિસ્તારમાં લાંચનું છટકું ગોઠવી ઉદ્યોગ નગર પોલીસ ચોકીના પી.એસ.આઈ અને રાઈટર વતી રૂપિયા એક લાખની લાંચ લેતા એસ.ઓ.જી.ના એક પોલીસ કર્મચારીને રંગે હાથ ઝડપી લીધો છે. જયારે પીએસઆઈ અને રાઈટર હાલ ભાગી છૂટ્યા હોવાથી તેઓની શોધખોળ કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરમાં એક નાગરિકે ઉદ્યોગ નગર પોલીસ ચોકીમાં ચિટિંગની અરજી થઈ હતી, આ મામલે પોલીસ ચોકીના પી.એસ.આઈ.આર.ડી ગોહિલ અને તેના રાઈટર ધમભાઈ બટુકભાઈ મોરીએ તેમને પોલીસ ચોકીમાં બોલાવ્યા બાદ આગળની તપાસમાં હેરાન પરેશાન નહીં કરવા માટે રૂપિયા ૧ લાખની લાંચ ની માંગણી કરી હતી. આ રકમ એસ.ઓ.જી. માં ફરજ બજાવતા પોલીસ કર્મચારી રવિભાઈ ગોવિંદભાઈ શર્મા ને આપવા માટેનું નક્કી થયું હતું. પરંતુ અરજદાર તે રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે રાજકોટ એસીબીને સંપર્ક કરતાં બુધવારે રાત્રે જામનગરના સમર્પણ સર્કલ વિસ્તારમાં લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

રાજકોટ એસીબીએ પીએસઆઈ અને રાઈટર વતી રૂપિયા ૧ લાખની લાંચની રોકડ રકમ લેવા માટે આવેલા એસ.ઓ.જી.ના પોલીસ કર્મચારી રવિ ગોવિંદભાઈ શર્માને એક લાખની રોકડ રકમ સાથે રંગે હાથ ઝડપી લીધો હતો. ત્યારબાદ પૂછપરછમાં તેણે પી.એસ.આઈ.આર.ડી ગોહિલ અને રાઈટર ધનાભાઈ મોરી વતી લાંચની રકમ મેળવી હોવાનું કબૂલ્યું હતું. આ સફળ ટ્રેપને લઈને જામનગરના પોલીસ બેડામાં ભારે હલચલ મચી ગઈ છે.

# પ્રતિબંધની અરજી છતાં બીબીસીએ સિદ્ધુની ડોક્યુમેન્ટ્રીને રિલીઝ કરી

## બીબીસીએ યૂટ્યુબ પર બીબીસી વર્લ્ડ સર્વીસ દ્વારા ૧૧ તારીખે ફિલ્મ રિલીઝ કરવામાં આવી

મુંબઈ, તા.૧૨

પંજાબી ગાયક શુભદીપ સિંઘ સિદ્ધુ, જે સિદ્ધુ મુસેવાલાના નામથી જાણીતો હતો, તેની હત્યા પર આધારીત બે ભાગમાં બનેલી ડોક્યુમેન્ટ્રી બીબીસી વર્લ્ડ સર્વિસ દ્વારા ૧૧ જૂને યુટ્યુબ પર રિલીઝ કરવામાં આવી છે. મુસેવાલાના પિતાએ પંજાબની મનસા કોર્ટમાં આ ડોક્યુમેન્ટ્રીના સ્ક્રીનિંગ પર રોક લગાવવા માટે અરજી કરી હોવા છતાં તેની આ ડોક્યુમેન્ટ્રી તેના જન્મદિવસ નિમિત્તે રિલીઝ કરવામાં આવી છે. કોર્ટમાં ૧૨ જૂને આ પિટિશન પર સુનાવણી થવાની છે.મુસેવાલાના પરિવાર દ્વારા વાંધો ઉઠાવ્યા અને ફરિયાદ કરવા છતાં, પરિવાર પોતાની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરે તે પહેલાં જ બીબીસીએ આ ફિલ્મ બે ભાગમાં પબ્લિશ કરી દીધી છે, સાથે જ તેમાં મુસેવાલાના કેટલાંક રિલીઝ નહીં થયેલાં ગીતો પણ સમાવી લેવાયા છે. આ ફિલ્મમાં મુસેવાલાના જુના મિત્રો, પત્રકારો અને પંજાબ અને દિલ્હીના વરિષ્ઠ પોલીસ અધિકારીઓના ઈન્ટરવ્યુ પણ સમાવાયા છે. તે ઉપરાંત આ ડોક્યુમેન્ટ્રીમાં ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર સાથેનો ઓડિયો ઈન્ટરવ્યુ પણ સમાવાયો છે, જેના પર ૨૯ મે, ૨૦૨૨ના દિવસે જવાહર કે વિલેજ, મંસા જિલ્લામાં મુસેવાલાની હત્યાનો આરોપ મુકવામાં આવ્યો છે.બીબીસીનો વિચાર બુધવારે સાંજે મુંબઈના એક સિનેમાહોલમાં આ ફિલ્મ રિલીઝ કરવાનો વિચાર હતો. પરંતુ વિવાદને ધ્યાનમાં રાખીને તેમણે આ ડોક્યુમેન્ટ્રી યુટ્યુબ પર રિલીઝ કરી દીધી. આ ડોક્યુમેન્ટ્રીના પહેલા એપિસોડનું નામ 'ધ કિલિંગ કોલ' આપવામાં આવ્યું છે, જેમાં મુસેવાલાનાં બાળપણ, લોકપ્રિયતાની સફર અને તેને લગતાં વિવાદોની વાત કરવામાં આવી છે. જ્યારે બીજા એપિસોડમાં તેની હત્યા અને તેની આસપાસની ઘટનાઓ અંગે વાત કરવામાં આવી છે.બીબીસીએ વીડિયોના વર્ણનમાં લખ્યું છે, ''૨૯ મે, ૨૦૨૨, પંજાબી ગાયકની ભાડુઆતી બંદુકધારીઓએ ગાડીનો પીછો કરીને ગાડીના કાચમાંથી જ ગોળી મારીને હત્યા કરી હતી અને તેને મરતો મુકીને ભાગી ગયા હતા. ત્યાર પછી ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે જાહેરમાં આ હત્યાની જવાબદારી લીધી હતી. પરંતુ લગભગ ત્રણ વર્ષ પછી પણ કોઈને સજા પડી નથી, તેની હત્યાનો હેતુ પણ સ્પષ્ટ થયો નથી અને બ્રાર હજુ ખુલીને જીવે છે. બીબીસીએ મુસેવાલાની નજીકના લોકો સાથે વાત કરી, પંજાબના ગામડાંમાંથી તેના ઉદયથી ગ્લોબલ સ્ટરડમ, તે કઈ રીતે ગુનેગારોની જાળમાં ફસાયો અને તેને નિશાન કેમ બનાવાયો, તે દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.''આ અંગે મુસેવાલાના પિતાએ જણાવ્યું, ''અમે આ ડોક્યુમેન્ટ્રી સામે વાંધો ઉઠાવ્યો હતો, અમારી મંજુરી વિના આ ડોક્યુમેન્ટ્રી રિલીઝ કરવામાં આવી છે. અમે મનમા કોર્ટની મદદ માગી છે અને પણ હવે આ મુદ્દે અમે હાઈકોર્ટમાં જઈશું.'' તેમણે એવો પણ દાવો કર્યો છે કે આ ડોક્યુમેન્ટ્રીમાં તેના દિકરાના વારસાને હાનિ પહોંચાડવાની કોશિશ કરી છે.

### એર ઇન્ડિયાનું નિવેદન બહાર આવ્યું

# ૧૬૯ ભારતીય, બ્રિટનના ૫૩, પોર્ટુગલના ૭ અને કેનેડાનો એક મુસાફર વિમાનમાં હતા

## ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં અફડાતફડીનો માહોલ

અમદાવાદ, તા.૧૨

ગુરૂવારે બપોરે અમદાવાદમાં એક મોટી વિમાન દુર્ઘટના બની. અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં૧૭૧ ટેકઓફ કર્યાના થોડી મિનિટો પછી જ ક્રેશ થઈ ગઈ. આ અકસ્માત અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં થયો હતો, જ્યાં વિમાન પડી ગયા બાદ તેમાં આગ લાગી હતી. વિમાનમાં ૨૩૦ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યો સવાર હતા. ઘટનાસ્થળેથી નીકળતા ધુમાડા અને સળગતા વિમાનના ફોટા આ અકસ્માતની ભયાનકતા કહી રહ્યા છે. એર ઈન્ડિયાનું નિવેદન બહાર આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વિમાનમાં ૧૬૯ ભારતીય નાગરિકો, ૫૩ બ્રિટિશ નાગરિકો, ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગીઝ નાગરિકો સવાર હતા. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. પોલીસ અને વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડ, દ્ગડ્ઢઇહ્લ અને કટોકટી સેવાઓને રાહત અને બચાવ કાર્યમાં તૈનાત કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ગાંધીનગરથી દ્ગડ્ઢઇહ્લની બે ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે, જેમાં ૯૦ સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા છે.અમદાવાદમાં એક મોટી વિમાન દુર્ઘટના થઈ છે. ૨૪૨ મુસાફરો લઈને જતું આ વિમાન ક્રેશ થયું છે. આ વિમાનના પાઈલટનું નામ કેપ્ટન સુમિત સભરવાલ છે. આ અકસ્માત અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.બપોરે અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણી નગર વિસ્તારમાં આ વિમાન ક્રેશ થયું. તેમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. પોલીસે આ માહિતી આપી. ફાયર ઓફિસર જયેશ ખાડિયાએ જણાવ્યું હતું કે વિમાન પડી ગયા પછી તેમાં આગ લાગી હતી અને આગ ઓલવવા માટે ફાયર એન્જિનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. આ વિમાન લંડન જઈ રહ્યું હતું. આ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા હોવાની આશંકા છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, "વિમાન એરપોર્ટ નજીક મેઘાણી નગરમાં ક્રેશ થયું છે."

### આ સેલિબ્રેશનનો સમય નથી : સલમાન ખાન

# અમદાવાદમાં પ્લેન ક્રેશ બાદ સલમાન ખાને રદ કર્યો કાર્યક્રમ

## એર ઈન્ડિયા ક્રેશથી હું આઘાતમાં છું અને નિઃશબ્દ છું, આ સમયે આપણે માત્ર પ્રાર્થના કરી શકીએ : અક્ષય કુમાર

મુંબઈ, તા.૧૨, અમદાવાદના મેઘાણીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટેક ઓફ કરતી વખતે એર ઈન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ પ્લેન એરપોર્ટ પરથી બપોરે ૧:૩૮ વાગ્યે ટેક ઓફ થયું હતું અને ૧:૪૦ વાગ્યે દુર્ઘટના સર્જાઇ હતી. એર ઈન્ડિયા પ્લેન ક્રેશથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. આ પ્લેનમાં ૨૩૦ યાત્રીઓ અને ૧૨ ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરનારું આ પ્લેન ટેક ઓફ બાદ તાત્કાલિક દુર્ઘટનાનો શિકાર બન્યુ હતું. ક્રેશ સાઈડ પરથી કાળો ધુમાડો ઉડતો દેખાઈ રહ્યો છે. આ એક ઈન્ટરનેશનલ એરક્રાફ્ટ હતું. દુર્ઘટના બાદ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળ પર પહોંચી અને લોકોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ દુર્ઘટનાના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. દેશભરમાંથી લોકો દુર્ઘટના પર શોકનો માહોલ છે. એવામાં સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર અમદાવાદમાં એર ઈન્ડિયાના પ્લેન ક્રેશ બાદ સલમાન ખાને તાજ લેન્ડ એન્ડ મુંબઈ ખાતેની ઈવેન્ટમાં હાજરી રદ કરી છે.કાર્યક્રમના આયોજકોએ આ મામલે જણાવ્યું હતું કે, સલમાન ખાને આ દુર્ઘટના બાદ કહ્યું કે હું આ કાર્યક્રમમાં હાજરી આપીશ નહીં અને આ દુર્ઘટના પછી હું સેલિબ્રેટ કરી શકીશ નહીં. બોલિવૂડ એક્ટર અક્ષય કુમારે X પર પોસ્ટ કરીને લખ્યું કે, એર ઈન્ડિયા ક્રેશથી હું આઘાતમાં છું અને નિઃશબ્દ છું. આ સમયે આપણે માત્ર પ્રાર્થના કરી શકીએ છીએ.અભિનેતા રિતેશ દેશમુખે X પર લખ્યું કે, અમદાવાદમાં પ્લેન ક્રેશના સમાચાર સાંભળીને મારું હૃદય તૂટી ગયું છે અને હું આઘાતમાં છું. મારું હૃદય તમામ યાત્રીઓ માટે, તેમના પરિવાર અને ક્રેશથી અસરગ્રસ્ત થયેલા તમામ લોકો માટે દુઃખી છું. આ મુશ્કેલ સમયમાં હું તમારી સાથે છું. અભિનેતા રિતેશ દેશમુખે X પર લખ્યું. વિચારો અને પ્રાર્થનાઓ તમારી સાથે છે. અક્ષય કુમાર, સની દેઓલ, પરિણીતી ચોપરા, રિતેશ દેશમુખ ઉપરાંત, ઘણા અન્ય સ્ટાર્સ આ મોટી દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

# પોરબંદરમાં રામદેવપીરનો મંડપ ધરાશાયી થતાં એકનું મોત, ૧૬ને ઈજા

પોરબંદર, તા.૧૨

પોરબંદરની ચોપાટી પર રામદેવપીરના મંડપ ઉત્સવ દરમિયાન એક દુર્ઘટના બની હતી. આ મંડપનો સ્થંભ અચાનક ધરાશાયી થતાં ૧૬ લોકો ઘાયલ થયા હતા અને એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મંગળવારની રાત્રે પોરબંદરની ચોપાટી પર રામદેવપીરના મંડપોત્સવ નામના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. બુધવારે વહેલી સવારે મંડપ ખડો કરવાની વિધિ ચાલી રહી હતી તે દરમિયાન જ મંડપના સ્થંભને ટેકો આપતી દોરી અચાનક તૂટી જતાં આ ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં સ્થંભ માથે પડતાં ત્યાં હાજર અનેક લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી, જેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમાંથી વનરાજ નામના આધેડનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ થયું હતું. આ ઉપરાંત, ત્રણ મહિલા સહિત દસથી વધુ લોકોને ઈજાઓ થઈ હોવાથી તેમને સારવાર આપવામાં આવી હતી.મળતી માહિતી મુજબ, પોરબંદરમાં રામદેવપીરના મંડપોત્સવમાં બનેલી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા વનરાજભાઈ ગોરાણીયા સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા. તેઓ મંગળવારે રાત્રે હોસ્પિટલમાં નાઈટ ડ્યુટી પર હતા અને ફરજ પૂરી કરીને સવારે સાડા છ વાગ્યે સીધા મંડપમાં દર્શન કરવા ગયા હતા. આ દુર્ઘટના બનતા તેમનું દુઃખદ અવસાન થયું હતું.

### રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસમાં ઉછાળો

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૦૩ કેસ નોંધાયા

## રાજ્યમાં હાલ કોરોનાના કુલ એક હજાર ૨૮૧ એક્ટિવ કેસ છે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૦૩ કેસ નોંધાયા હતા. નવા કેસની સાથે રાજ્યમાં હાલ કોરોનાના કુલ એક હજાર ૨૮૧ એક્ટિવ કેસ છે. જેમાંથી ૨૩ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે એક હજાર ૨૫૮ દર્દીઓ ઓપીડી બેઝ સારવાર હેઠળ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સાજા થયેલા ૧૪૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જો કે સત્તાવાર રીતે રાજ્યમાં એક પણ દર્દીનું કોરોનાથી મોત થયું નથી.અમદાવાદ શહેરની વાત કરીએ તો શહેરમાં કોરોનાના નવા ૧૬૯ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૮૫૯ પર પહોંચ્યો હતો. શહેરમાં અત્યાર સુધી કોરોનાના ૧,૨૬૦ કેસ નોંધાયા હતા. પાલડી, વાસણા, નવરંગપુરા, સાબરમતી સહિતના વિસ્તારોમાં ૨૪૩ એક્ટિવ કેસ નોંધાયા છે. તે સિવાય જોધપુર-બોપલ-સરખેજ સહિતના વિસ્તારોમાં ૧૫૨ એક્ટિવ કેસ છે. ઉપરાંત મણિનગર-દાણીલીમડા-બહેરામપુરા સહિતના વિસ્તારોમાં ૯૯ એક્ટિવ કેસ નોંધાયા હતા.

અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬૯ કેસ નોંધાયા હતા પણ તેની સામે માત્ર ૭૧ દર્દી સ્વસ્થ થયા હતા. છેલ્લા ૪૨ દિવસમાં કોરોનાના ૧ હજાર ૨૬૦ કેસ નોંધાયા હતા. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે લોકોને તાવ, શરદી, ખાંસી હોય તો ૨૭ જૂનના જગન્નાથજીની રથયાત્રામાં જોડાવવાનું ટાળવા અપીલ કરી હતી. કોરોનાની સ્થિતિ હાલ ગંભીર નથી પરંતુ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ત્યારે લોકોને કોરોનાના લક્ષણો હોય તો રથયાત્રામાં જવાનું ટાળવાની સલાહ આપી છે. લક્ષણોવાળા વ્યકિતને હોમ આઈસોલેશનમાં જ રહીને ટીવી ચેનલ પર ભગવાનના દર્શન કરી લેવા જોઈએ.ભારતમાં એક્ટિવ COVID-19 કેસોની સંખ્યા ૭,૦૦૦ને વટાવી ગઈ છે. ગુજરાત, કેરળ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી કેસ સતત વધી રહ્યા છે. ૨૨ મેના રોજ ફક્ત ૨૫૭ કેસ હતા, પરંતુ હવે આ આંકડો ૭,૦૦૦થી વધુ થઈ ગયો છે, જેના કારણે ફરી એકવાર કોરોનાની ગંભીરતા અંગે ચિંતા વધી છે. જેમ જેમ કેસ વધે છે તેમ તેમ આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો છે અને લોકોને માસ્ક પહેરવા અને ભીડ ટાળવાની સલાહ આપવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૭૪ લોકોએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યા છે. કેરળ પછી મહારાષ્ટ્ર અને દિલ્હી હાલમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત છે.

### રથયાત્રાને લઈને મહત્વની બેઠક યોજાઈ

# રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એક્શન પ્લાન તૈયાર

## રથયાત્રામાં આગ, ભાગદોડ કે કોઈ અન્ય દુર્ઘટનાને પહોંચી વળવા માટે AI ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં ગઈકાલે ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા જળયાત્રા નીકળી હતી. હવે આગામી ૨૭મી જૂને શહેરમાં ધૂમધામથી રથયાત્રા નીકળશે. રથયાત્રામાં ગુજરાતભરમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે ત્યારે રથયાત્રાને લઈને પોલીસ કમિશનર જી.એસ મલિકની અધ્યક્ષતામાં આજે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં વ્યવસ્થાને સહિત અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી.

અમદાવાદમાં દર વર્ષે રથયાત્રા યોજાઈ છે જે દેશમાં જગન્નાથપુરી બાદ બીજી સૌથી મોટી રથયાત્રા છે. ત્યારે અમદાવાદમાં શ્રદ્ધાળોઓની ભારે ભીડ જોવા મળે છે. આજે પોલીસ કમિશનર જી. એસ મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સુરક્ષા વ્યવસ્થા તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં પણ ગુનેગારો તેમજ અસામાજિક તત્વો પર કાર્યવાહી થશે.

આ ઉપરાંત રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેમજ જે રૂટ પરથી રથયાત્રા પસાર થવાની છે ત્યાના રહીસોની ટીમો બનાવવામાં આવી છે. આ વખતે રથયાત્રામાં આગ, ભાગદોડ કે કોઈ અન્ય દુર્ઘટનાને પહોંચી વળવા માટે AI ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા બેંગલુરુમાં ભાગદોડની ઘટના બની હતી જેમાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા હતા. ત્યારે આવી ઘટના ન બને તે માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે અને શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન થાય તે માટે પણ પોલીસને સૂચના અપાઈ છે.

રથયાત્રાની તૈયારી અંગે પોલીસ કમિશનર જી.એસ મલીકે જણાવ્યું હતું કે, પોલીસે આ રથયાત્રાને લઈને બે મહિના પહેલા જે તૈયારી શરૂ કરી દીધી છે જેમાં શાંતી સમિતિની મિટિંગ, મહોલ્લા સમિતિની મિટિંગ, ફૂટ પ્રેટ્રોલિંગ જેવા મુદ્દાઓ પર કામ કર્યું છે. આ ઉપરાંત હોટલ, ગેસ્ટ હાઉસની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આ વખતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)થી ક્રાઉડ મેનેજમેન્ટ એટલે કે ક્યાં વધુ ભીડ થાય છે એનું ધ્યાન રાખવામાં આવશે એટલે બેંગલુરુ જેવી ઘટના ન બને આ સિવાય આગની ઘટના પણ ન બને તની AI દ્વારા ધ્યાન રાખવામાં આવશે. રથયાત્રામાં ચાંપતી નજર રાખવા માટે લોકોના સહયોગથી લગભગ ૨૨,૦૦૦ સીસીટીવી લગાડવામાં આવ્યા છે.'' અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલા જળયાત્રા નીકળી હતી. ભગવાન જગન્નાથ મંદિરથી સાબરમતી નદીના ઘાટ સુધી જળયાત્રા યોજાઈ. આ જળયાત્રા રથયાત્રાના પૂર્વ તબક્કા તરીકે જાણીતી છે. જળયાત્રા ભગવાન જગન્નાથજીની ૧૨ યાત્રાઓમાં મુખ્ય યાત્રા ગણાય છે. ભગવાન જગન્નાથ મંદિરથી જળયાત્રા નીકળીને સાબરમતી નદીના ઘાટ પર પહોંચી હતી, સોમનાથ ભુદરના આરેથી પરંપરાગત ગંગાપૂજા કરીને ૧૦૮ કળશ જળના ભરાયા હતા.૧૦૮ કળશના જળથી ભગવાનનો શાસ્ત્રોક્ત વિધિથી જળાભિષેક કરવામાં આવ્યો. જળાભિષેક પછી ભગવાન જગન્નાથજીના ગજવેશનો ખાસ શણગાર કરવામાં આવ્યો. જળયાત્રામાં ગજરાજો પણ સુશોભિત થઈને જોડાયા. ભગવાન આજથી મામાના ઘરે સરસપુર જશે. જળયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો હરખ સાથે જોડાયા. મહિલાઓ માથે કળશ લઈને જળયાત્રામાં સહભાગી થઈ. રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રાજીના ત્રણેય રથના કલરની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જળયાત્રા માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નથી, પણ ભક્તિ, સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત ચિહ્ન છે. ભગવાન જગન્નાથજીના આશીર્વાદ મેળવવા માટે ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક ભાગ લેવાય છે અને સમગ્ર યાત્રા દરમિયાન શહેરમાં ભક્તિનો માહોલ છવાઈ જાય છે. અમદાવાદમાં ત્રણ દિવસ પહેલા જ બુલેટ માર્ચ યોજાઈ હતી. જેમાં પીઆઈ, પીએસઆઈ સહિત ૧૦૦થી વધુ પોલીસકર્મીઓએ બુલેટ પર રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જગન્નાથ મંદિરથી રથયાત્રાના માર્ગ પર પેટ્રોલિંગ કર્યું હતું.

### રાંદેરના યુવાને રાજસ્થાની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા

# પુત્રના પ્રેમની તેની માતાને મળી તાલીબાની સજા! જાહેરમાં ફટકારી

## આ ઘટના બાદ યુવતીના પિતા સહિત ૧૧ વિરુદ્ધ ગુનો નોંધાયો છે : આ કેસમાં મહિલાઓએ હદ વટાવી હતી

સુરત, તા.૧૨

સુરતના પાલથી યુવકની માતાનું કારમાં અપહરણ કરી રાંદેરની અંબિકા નગરમાં લઈ જઈ ક્રુરતા આચરાઈ હતી. પાલ પોલીસે સાત આરોપીઓની ધરપકડ કરી છે. રાંદેરના યુવાને રાજસ્થાની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંને જણાં ભાગી ગયા હતા. એક વર્ષ બાદ પોતાના ઘરે યુગલ પરત ફર્યું હતું. પરંતુ યુવતીના પરિવારજનો આ વાત ભૂલ્યા ન હતા. જેનો બદલો લેવા માટે અધીરા બન્યા હતા. યુવક મળતો નહીં હોય તેની માતાને ટાર્ગેટ કરાઈ હતી. માતાનું અપહરણ કરી તેને લાકડાના ડંડા પ્લાસ્ટિકની પાઈપ અને ઈંટ વડે સોસાયટીમાં જાહેરમાં ઉભી રાખી તેને માર મારવામાં આવી હતી. આ ક્રુરતામાં ઘરની મહિલાઓ પણ સામેલ હતી.

રાજસ્થાનના વતની અને હાલ રાંદેર-પાલ વિસ્તારમાં રહેતી યુવતીના મહિલા સહિતના સંબંધીઓ યુવકની માતાનું અપહરણ કરી રાંદેર લઈ ગયા હતા. જ્યાં સરાજાહેર ડંડા વડે ઈંટથી માર મારવાની વાત તો ઠીક પરંતુ મહિલાઓએ અપહતના ગુપ્ત ભાગે ચીમટા ભરી ક્રૂરતાની હદ વટાવતાં મામલો ચકચારી બન્યો હતો. દોડતી થયેલી પોલીસે ૧૧ વિરુદ્ધ ગુનો નોંધી સાત પુરુષોની ધરપકડ કરી હતી. રાંદેર વિસ્તારમાં રહેતા યુવકે એક વર્ષ અગાઉ ભેંસાણ રોડ પર રહેતી રાજસ્થાની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. યુવતીના પરિવારજનો આ લગ્નને સ્વીકૃતિ આપે તેમ નહિ હોવાથી યુવક અને યુવતી ભાગી ગયા હતા. લગ્નના બંધનમાં બંધાઈ ગયેલું આ યુગલ એક વર્ષ બાદ પોતાના ઘરે પરત ફર્યું હતું. બંને યુવકના ઘરે રહેવા વાગ્યા હતા. યુવતીના પરિજનો આ વાતને ભૂલ્યા ન હતા અને બદલો લેવા માટે અધીરા બન્યા હતા. યુવક મળતો નહિ હોઈ તેની માતાને ટાર્ગેટ કરાઈ હતી. મંગળવારે સવારે અગિયાર વાગ્યે પાલ ગૌરવપથ રોડ કેર એન્ડ ક્યોર હોસ્પિટલ બહારથી યુવકની માતાનું એક કારમાં અપહરણ કરી જવાયું હતું. અપહરણ કરી યુવતીનાં માતા-પિતાના ઘરે અંબિકાનગર લાવવામાં આવી હતી. અહીં ઘરના સાત પુરુષો અને ચાર મહિલાઓ આ મહિલા પર તૂટી પડી હતી. લાકડાના ડંડા, પ્લાસ્ટિકની પાઈપ અને ઈંટ વડે સોસાયટીમાં જાહેરમાં ઊભી રાખી તેને માર મારવામાં આવી હતી. ઘરની મહિલાઓ પણ તેમાં સામેલ થઈ હતી. આ મહિલાઓએ ક્રૂરતાની હદ વટાવી તાલિબાની સજા આપતા હોય તેમ જાહેરમાં યુવકની માતાને ગુપ્ત ભાગે ચીમટા ભરી અપમાનિત કરી હતી. અપહતની બહેન અને પરિવારના બીજા સભ્યો ત્યાં દોડી ગયા હતા અને પોલીસ કંટ્રોલ રૂમમાં મદદ માટે કોલ કર્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓ : ૧. રાજેશ સરદાર ઔડ (માધવપાર્ક, પાલનપોર રોડ) ૨. જગદીશ સરદાર ઔડ (અંબિકાનગર, ભેંસાણ રોડ) ૩. દીપક સરદાર ઔડ (અંબિકાનગર, ભેંસાણ રોડ) ૪. જતીન નટુ ઔડ (ગ્રોમ સોસાયટી, માસમા) ૫. નિખિલ નટુ ઔડ (ગ્રોમ સોસાયટી, માસમા) ૬. સાહિલ નટુ ઔડ (ગ્રોમ સોસાયટી, માસમા) ૭. શુભમ દિનેશ રાઠોડ (અંબિકાનગર), વાસંતબેન, ઉર્મિલાબેન, ઉપા અને રેખાબેનને વોન્ટેડ બતાવાઈ હતી.

### વડાપ્રધાન મોદી વળતાં ક્રોએશિયા જશે

# G-7ની કેનેડા પરિષદમાં જતાં પહેલાં વડાપ્રધાન મોદી સાયપ્રસ જશે

## ૧૯૯૧માં યુગોસ્લાવિયાનું વિસર્જન થયા પછી ક્રોએશિયા જનારા નરેન્દ્ર મોદી ભારતના પહેલા વડાપ્રધાન હશે

નવી દિલ્હી, તા.૧૨

કેનેડામાં ૧૫ થી ૧૭ જૂન દરમિયાન યોજાનારી G-7 દેશોની પરિષદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેનેડાના વડાપ્રધાનનાં વિશેષ આમંત્રણથી ઉપસ્થિત રહેશે. કેનેડા જતા પૂર્વે માર્ગમાં તેઓ સાયપ્રસનાં પાટનગર તિકોસિયા જવાના છે, પાછાં વળતાં તેઓ ક્રોએશિયા જશે. ૧૯૯૧માં યુગોસ્લાવિયાનું વિસર્જન થયા પછી ક્રોએશિયા જનારા મોદી ભારતના પહેલા વડાપ્રધાન હશે. વાસ્તવમાં તેઓ ગયા મહીને જ ક્રોએશિયા જવાના હતા, પરંતુ ભારત-પાક. સંઘર્ષને લીધે તે મુલાકાત યોજી શકાઈ ન હતી. સાયપ્રસ અને ક્રોએશિયા બંને યુરોપિયન યુનિયનના સભ્યો છે. સાયપ્રસ ૨૦૨૬ના પ્રથમાર્ધમાં યુરોપીય સંઘના પ્રમુખપદે રહેશે. આથી સાયપ્રસનું મહત્વ ઘણું છે. વિશેષતઃ વ્યાપારી દ્રષ્ટિએ પણ સાયપ્રસનું મહત્વ છે. સાયપ્રસ અને તૂર્કીએય વચ્ચે મતભેદો દાયકાઓથી ચાલે છે. બીજી તરફ તૂર્કીએયના પ્રમુખ એર્ડોગાને ઓપરેશન સિંદૂર અંગે પાકિસ્તાનને ટેકો આપ્યો હતો જે ભારતને સહજ રીતે જ પસંદ પડયું ન હતું.૧૯૬૦માં સાયપ્રસ બ્રિટિશ શાસનમાંથી મુક્ત થયું પછી આ ભૂમધ્ય સમુદ્રીય ટાપુ દેશમાં ગ્રીક સાયપ્રાઈટ્સ અને તુર્કીશ સાઈપ્રોઈટસ વચ્ચે ખટરાગ શરૂ થયો. તૂર્કીએ સાયપ્રસ ઉપર આક્રમણ કર્યું જેમાં તૂર્કી સફળ ન થયું આખરે સંધિ થઈ જેમાં ઉત્તરનો ભાગ પોતાને સેલ્ફ-ડીડબર્ડે-ટર્કીશ રીપબ્લિક ઓફ નોર્ધન સાયપ્રસ (ટીઆરએનસી) તરીકે જાહેર કરાયું જેને એક માત્ર ટર્કીએ જ માન્યતા આપી હતી. અત્યારે ઉત્તરના ભાગમાં તૂર્કો વસે છે. દક્ષિણે ગ્રીક-સાઈપ્રોઈટસ વસે છે. સાયપ્રસ હવે યુરોપીયન યુનિયન કાઉન્સીલનાં પ્રમુખપદે આવતાં યુરોપીય દેશોનાં ભારત સાથેનાં વલણમાં ચોક્કસ અસર કરી શકશે. તેથી વડાપ્રધાન મોદીની સાયપ્રસની મુલાકાત મહત્વની છે.

### ચાર યુવતી સહિત સાત ઝડપાયાં

# સુરત : ફાર્મ હાઉસમાં ચાલી રહેલી ચિલિંગ પાર્ટી ઉપર દરોડાં

## ડ્રગની મેહફીલ માણી રહેલા યુવક-યુવતીઓની ધરપકડ, કાર્યવાહીમાં ૪ યુવતી સહિત ૭ લોકોની ધરપકડ કરાઈ

સુરત, તા.૧૨

શહેરમાં આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી ડ્રગ્સ પાર્ટી પર એસએમસી દ્વારા રેડ પાડવામાં આવી હતી. જેમાં ડ્રગ્સની મહેફીલ માણી રહેલા યુવક-યુવતીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ૭ લોકોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે લગભગ બે દિવસમાં પાર્ટી પર રેડની આ ત્રીજી ઘટના સામે આવી છે. જ્યાં પોલીસ દ્વારા આવા ગોરખધંધાઓ પર રેડ પાડવામાં આવી છે. નોંધનીય છે કે, ઉદેપુરમાં આવેલા ફાર્મ હાઉસમાં રૂપલનનાઓ બોલાવી પાર્ટી કરતાં ૧૫ ગુજરાતીઓ ઝડપાયા બાદ આજે તલાલામાં આવેલા ફાર્મ હાઉસમાં દારુ પાર્ટી કરતાં ૨૩ લોકો ઝડપાયા છે. જ્યારે હવે સુરતમાં યુવક-યુવતીઓની ડ્રગ્સ પાર્ટી પર રેડના સમાચાર સામે આવ્યા છે.સુરતની વાત કરીએ તો, SMC દ્વારા શહેરમાં આવેલા એક ફાર્મ હાઉસમાં રેડ પાડવામાં આવી હતી. એસએમસી દ્વારા ડુમ્મસ રોડ પર આવેલા આશીર્વાદ ફાર્મમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાં ડ્રગની મેહફીલ માણી રહેલા યુવક-યુવતીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં ૪ યુવતી સહિત ૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

રેડ બાદ સામે આવેલી તસવીરમાં જોઈ શકાય છે કે, પોલીસ દ્વારા ૬ વોડકાની બોટલ, વ્હીસ્કીની ૪ ખાલી બોટલ સહિત કુલ ૮ બોટલ, ડ્રગ્સ અને ૮ મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથના તાલાલામાં આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફીલ પર પોલીસે રેડ પાડી હતી. જ્યાં પાર્ટી માણી રહેલા ૨૩ જેટલાં લોકોને પોલીસે ઝડપી પાડ્યા હતા. આ સાથે જ દારુની બોટલ સહિતનો લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગીર સોમનાથના તાલાલાના ફાર્મ હાઉસમાં ફરી એક વખત ગોરખધંધાનો પર્દાફાશ થયો છે. જ્યાં તાલાલાના હડમતીયા રોડ ઉપર આવેલા "એથીઝ ફાર્મ" હાઉસમાં દારૂની મહેફીલ માણતા રાજકોટનાં ૨૨ લોકોને તાલાલા સર્વેલન્સ સ્ટાફે ઝડપી લીધા છે. નોંધનીય છે કે, ગઈકાલે પણ આવી જ એક ઘટના સામે આવી હતી. જ્યાં ઉદેપુરમાં પાર્ટી કરી રહેલા ૧૫ જેટલા ગુજરાતીઓ ઝડપાયા હતા. ઉદયપુરમાં આવેલા એક રિસોર્ટમાંથી મોટું સેક્સ રેકેટ ઝડપાયું હતું. આ રેકેટમાં રાજકોટના નવ સહિત ગુજરાતના ૧૫ લોકો ઝડપાયા હતા. આ રેકેટમાં સિમેન્ટ અને લોખંડ કંપનીના ડિસ્ટ્રિબ્યુટર ઝડપાયાં હોવાની વિગતો સામે આવી છે. ટાર્ગેટ પૂરો કરનાર ડિસ્ટ્રબ્યુટર્સની સેવા માટે રિસોર્ટમાં ૧૪ રૂપલલનાઓ બોલાવવામાં આવી હતી. ઉદયપુરના અંબેરી સ્થિત સ્વર્ણગઢ રિપોર્ટમાં ઉજવણી ચાલતી હતી, તે સમયે સુખેર પોલીસ સ્ટેશન દ્વારા ડમી ગ્રાહક મોકલીને આખા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. પોલીસે રિસોર્ટમાંથી કુલ ૨૯ લોકોની ધરપકડ કરી હતી. જેમાં ૧૪ યુવતી અને ૧૫ યુવક સામેલ હતા.

### પ્રેમી સાથે થયો હતો ઝઘડો

# અમદાવાદના ઘાટલોડિયામાં આસામની યુવતીની લાશ મળી

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં લિવ ઈન રિલેશનશીપમાં રહેતી આસામની યુવતીની આપઘાતની ઘટના સામે આવી છે. ઘાટલોડિયામાં વર્ધમાનનગર સોસાયટીમાં ૪ મહિનાથી લીવઈનમાં રહેતી આસામની યુવતીએ મંગળવારે મોડી રાત્રે બીજા માળની બાલ્કનીમાંથી છલાંગ લગાવીને આપઘાત કર્યો હતો. આ યુવતી ઈન્ટિરિયર ડિઝાઈ નરનો અભ્યાસ કરતી હતી. શિવાલી કશ્યપ નામની આ યુવતી અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી હતી. છેલ્લા ચાર મહિનાથી તે સૌરભ નામના યુવક સાથે રિલેશનશીપમાં હતી. બન્ને લિવઈનમાં રહેતા હતા. પરિવારજનોને પ્રેમસંબંધ મંજૂર ન હોવાથી યુવતી ડિપ્રેશનમાં રહેતી હતી. પ્રેમી સાથે ઝઘડો થયા બાદ યુવતીએ આપઘાત કર્યો હોવાની પોલીસને પ્રાથમિક વિગતો મળી છે. આ અંગે ઘાટલોડિયા પીઆઈએ જણાવ્યું કે, યુવતીના પરિવારજનોને જાણ કરી દેવામાં આવી છે અને હાલમાં યુવકની પૂછપરછ ચાલી રહી છે. શિવાલીએ મંગળવારે મોડી રાત્રે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બીજા માળની બાલ્કનીમાંથી આપઘાત કરવા છલાંગ લગાવી હતી. જો કે, પહેલા માળની બાલ્કનીની દીવાલ સાથે શિવાલીનું માથું પછડાતા તેનું મોત નિપજ્યું હતુ. આ અંગે ઘાટલોડિયા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને ડેડબોડીને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી હતી.પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું હતું કે બન્ને લગ્ન કરવાના હતા પરંતુ પરિવારજનોની સંમતિ ન હોવાથી યુવતી ડિપ્રેશનમાં હતી. યુવતીએ મોતની છલાંગ લગાવી તે પહેલા યુવક સાથે તેની કોઈ બાબતને લઈને બોલાચાલી થઈ હતી. જે બાદ તેણે બીજા માળેથી છલાંગ લગાવી દીધી હતી. જેમાં પહેલામાળની બાલ્કનીની છાજલી સાથે તેનું માથુ ભટકાયું હતું અને તેને ગંભીર ઈજા પહોંચી હતી, જેમાં તેનું મોત થયું. શિવાલી સાથે સૌરભ પુરોહિત નામનો યુવક પણ અભ્યાસ કરતો હતો. બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાતા છેલ્લા ૪ મહિનાથી ઘાટલોડિયાના વર્ધમાનનગર સોસાયટી ખાતે લીવઈનમાં રહેતા હતા. શિવાલીએ પ્રેમસંબંધ અંગે પરિવારજનોને જાણ કરી હતી. પરંતુ પરિવારજનોએ પ્રેમલગ્ન માટે શિવાલીને ના પાડી દીધી હતી.

### સુરત મોડલ કેસમાં મોટો ખુલાસો!

# અંજલિએ આપઘાતની ગોઝારી રાતે અઢી કલાકમાં કર્યા હતાં ૨૩ કોલ

## ૧૨ કોલ તેના ફિયાન્સ ચિંતનને કર્યા હતા : આ કોલ દરમિયાન તેણે યુવક સાથે ૧૬ મિનિટ વાત કરી હતી

સુરત, તા.૧૨

શહેરમાં સાતમી જૂનના રોજ ૨૩ વર્ષની મોડલ અંજલિ વરમોરાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. આ કેસની પોલીસ તપાસમાં અનેક ખુલાસા થઈ રહ્યા છે. પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે મોડેલના મોબાઈલની કોલ ડિટેલ રેકોર્ડની તપાસ શરૂ કરી છે. જેમાં આપઘાત પહેલાં યુવતીએ અઢી કલાકમાં ૨૩ કોલ કર્યાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે. જેમાં જાણવા મળ્યું છે કે, યુવતીના આપઘાત પહેલાં અઢી કલાકમાં તેના ફોનમાંથી ૨૩ કોલ કરાયા હતા. જેમાંથી ૧૨ કોલ તેના ફિયાન્સ ચિંતનને કર્યા હતા. આ કોલ દરમિયાન તેણે યુવક સાથે ૧૬ મિનિટ વાત કરી હતી. ઉપરાંત CDR મુજબ અંજલિએ ૭ જૂન સાંજે અને રાત્રે તેની માતા, બહેન, જીજાજી અને ભાઈને પણ ફોન કર્યા હતા. એટલું જ નહીં, મોડેલે વોટ્સએપમાંથી પણ કોલ કર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ચિંતને પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, ચાર વર્ષ પહેલાં અંજલિ સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા થઈ હતી. વર્ષ ૨૦૨૧માં વેલેન્ટાઈન ડેના દિવસે તેણે અંજલિને પ્રપોઝ કર્યું હતું. ત્યારબાદ બંનેના પરિવારજનોની સંમતિથી તેમની સગાઈ થઈ હતી. આ લોકોના ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લગ્ન થવાના હતા. પરંતુ ચિંતનની માતાનું બીમારીને કારણે અવસાન થતાં તે વખતે લગ્ન રદ કરવામાં આવ્યા હતા. જેથી તેમના લગ્ન એક વર્ષ પછી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

પોલીસે આપેલી માહિતી પ્રમાણે, અંજલિ અલ્પેશભાઈ વરમોરા નવસારી બજાર વિસ્તારમાં આવેલા કાર્તિક એપાર્ટમેન્ટમાં રહેતી હતી. ફેશન અને મોડેલિંગની દુનિયામાં પોતાની ઓળખ બનાવવા આતુર અંજલિએ થોડા મહિના પહેલાં જ Revenue Model Casting Agency સાથે જોડાઈ પોતાની કારકિર્દીને નવા આકાર આપવાનું શરૂ કર્યું હતું. સુરત અને અમદાવાદના અનેક પ્રોજેક્ટ્સમાં પણ તેણે ભાગ લીધો હતો. પરિવારના જણાવ્યા પ્રમાણે, અંજલિ ખુશમિજાજ સ્વભાવ ધરાવતી યુવતી હતી. તેના પરિવારમાં મમ્મી, ભાઈ અને બહેન હતા. પિતા અલ્પેશભાઈનું અઢી વર્ષ પહેલાં અકસ્માતમાં અવસાન થયું હતું. ત્યારબાદ માતાએ સઘન સંઘર્ષ કરીને પરિવાર સંભાળ્યો હતો.

અંજલિએ આપઘાત કર્યો તે શનિવારની રાત હતી. પરિવાર સાથે સાથે જમ્યા બાદ મમ્મી અને ભાઈ ઘરના કામ માટે બહાર ગયા. અંજલિ ઘરમાં એકલી રહી હતી. રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે ભાઈ પરત આવ્યા ત્યારે અંજલિ હોલમાં બેઠેલી હતી અને ફોનમાં હસી રહી હતી. એણે કહ્યું પણ હતું કે, "જલ્દી પરત આવી જજે." ભાઈ બહાર ગયા અને તેના પાછા આવતા પહેલાં મોટી બહેન અને બનેવી ઘર પર પહોંચ્યા હતા. દરવાજો ખખડાવ્યા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ ન મળતાં તેમને શંકા જાગી. થોડા સમયમાં ભાઈ પણ પાછા ફર્યા. સૌએ મળીને અંજલિના ફિયાન્સને પણ ફોન કર્યો. દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો તો દ્રશ્ય ચોંકાવનારું અને હૃદયવિદારક હતું. અંજલિ પંખા સાથે દુપટ્ટા બાંધીને લટકતી જોવા મળી હતી.

# ગુજરાતના તમામ અભયારણ્યો ચાર મહિના માટે રહેશે બંધ

## ૧૫ ઓક્ટોબર સુધી રાજ્યના તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે સંપૂર્ણ બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં ચોમાસા દરમિયાન આગામી તા. ૧૫ જૂનથી ચાર માસ માટે એટલે કે તારીખ ૧૫ ઓક્ટોબર-૨૦૨૫ સુધી રાજ્યના તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રવાસીઓ માટે સંપૂર્ણ બંધ રહેશે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈ મુજબ ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે અચાનક પૂર, ચક્રવાત તેમજ ખરાબ રસ્તા જેવી પરિસ્થિતિ ઉભી થાય છે. વધુમાં આ સમયગાળો અનેક પક્ષીઓ, સસ્તનપ્રાણીઓ, સરીસૃપ વિગેરે પ્રજાતિઓ માટે પ્રજનનકાળ હોવાથી તેમાં અવરોધ થવાની શકયતાને ધ્યાનમાં લેતાં, વન વિભાગ દ્વારા ગુજરાતના તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો ખાતે આવતાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમ, વન વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

વધુમાં જણાવ્યાનુસાર આગામી તા. ૧૬ ઓક્ટોબર-૨૦૨૫થી તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. નોંધનીય છે કે, આ પ્રતિબંધના સમયગાળા દરમિયાન કોઈપણ ખાનગી કે સરકારી વેબસાઈટ-પોર્ટલ પર પ્રવાસીઓ માટે આ સ્થળોની મુલાકાત કરવા ઓનલાઈન બુકિંગ કરવામાં આવતું નથી જેની પ્રવાસીઓએ ખાસ નોંધ લેવા વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.ઉત્તર પશ્ચિમી પવનોને કારણે રાજ્યમાં હજુ ચાર દિવસ ગરમીનો અહેસાસ થશે. આગામી ચારથી પાંચ દિવસ સુધી શહેરમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી રહેવાની શક્યતા હવામાન વિભાગે વ્યકત કરી છે. મંગળવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી નોંધાયું હતું. બુધવારે શહેરમાં વાતાવરણ સ્વચ્છ રહ્યા બાદ ગુરૂવારથી સોમવાર સુધી વાદળિયા વાતાવરણના કારણે ગરમીથી થોડી રાહત મળી શકે છે. જોકે અસહ્ય બફારાનું પ્રમાણ યથાવત રહેવાનો અંદાજ છે. મંગળવારે અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ નોંધાયું હતું.ભારતમાં આ વખતે એક સપ્તાહ વહેલા ચોમાસુ બેસતા લોકો ખુશખુશાલ થઈ ગયા હતા. નૈઋત્યનો વરસાદ એક જ સપ્તાહમાં કેરળથી મુંબઈ સુધી પહોંચી ગયો હતો. પરંતુ પછી અચાનક વાતાવરણે પલટો મારતા હાલ ઉત્તર ભારત આગ ઝરતી ગરમીમાં તપી રહ્યું છે. ચોમાસુ નજીક છે તેવા સમયે પણ માત્ર રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણામાં જ નહીં હિમાચ્છાદિત પર્વતોવાળા શ્રીનગરમાં પણ લોકો કાળઝાળ ગરમીથી પરેશાન થઈ ગયા છે.

### ૬૫ વર્ષીય વૃદ્ધ માટે કેરીનો સ્વાદ ભારે પડ્યો

# અજાણતા ગળી ગયેલો કેરીનો ગોટલો અન્નનળીમાં ફસાઈ ગયો

## વડોદરાના ગોત્રી હોસ્પિટલમાં ૬૫ વર્ષીય વૃદ્ધના અન્નનળીમાંથી સફળતાપૂર્વક કેરીનો ગોટલો દૂર કરાયો

વડોદરા, તા.૧૨

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં સૌથી મોટી ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે આવેલ દર્દી છોટાઉદેપુરના ૬૫ વર્ષીય વૃદ્ધ માટે કેરીનો સ્વાદ ભારે પડ્યો જયારે અજાણતા ગળી ગયેલો કેરીનો ગોટલો તેમની અન્નનળીમાં ફસાઈ ગયો. આ ઘટના બાદ દર્દી કંઈપણ ગળી શકવામાં અસમર્થ બન્યા હતા, જેના કારણે તાત્કાલિક તબીબી સારવારની જરૂર પડી.દર્દીને વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ બજાવતા ડો. હિરેન સોની એ આ પડકારજનક કેસ હાથ ધર્યો. ડો. હિરેન સોનીએ કોઈપણ પ્રકારના ચીરા કે ટાંકા વગર એન્ડોસ્કોપી પદ્ધતિનો ઉપયોગ કરીને અન્નનળીમાં ફસાયેલા કેરીના ગોટલાને સફળતાપૂર્વક બહાર કાઢ્યો. આ પ્રક્રિયા દર્દી માટે પીડારહિત અને અત્યંત સફળ રહી. એન્ડોસ્કોપી આધુનિક સાધનોનો ઉપયોગ કરીને શરીરના આંતરિક અવયવોની તપાસ કરવામાં આવે છે. ડો. હિરેન સોની ની કુશળતા અને આધુનિક તબીબી ટેકનોલોજીના સમન્વયથી વૃદ્ધ દર્દીને નવજીવન મળ્યું છે. આ સફળ ઓપરેશન ગોત્રી હોસ્પિટલની તબીબી ક્ષમતા અને ડો. હિરેન સોની નિપુણતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ફસાયેલા મુસાફરો માટે

લોકોના સંબંધીઓ દિલ્હી અને આજુબાજુના છે, જેમને ત્યાં પહોંચવાનું છે. તેને ધ્યાનમાં રાખતા બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. તેનું શિડ્યુલ ટૂંક સમયમાં જાહેર કરી દેવામાં આવશે. આ ટ્રેનોથી રાહત અને બચાવ કાર્ય માટે ડિઝાસ્ટર ફોર્સને મોકલવામાં આવશે.

૧૨ જૂન ૨૦૨૫ના મેસર્સ એર ઈન્ડિયા B787 વિમાન VT-ANB (અમદાવાદથી ગેટવિક માટે) ઉડાન AI-171નું અમદાવાદથી ઉડાન ભર્યાના તરત બાદ ક્રેશ થઈ ગયું. વિમાનમાં ૨ પાયલટ અને ૧૦ કેબિન ક્રૂ સહિત ૨૪૨ લોકો સવાર હતા. વિમાનની કમાન કેપ્ટન સુમિત સભરવાલ સાથે ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદર હતા. કેપ્ટન સુમિત સભરવાલ એક LTC છે, જેમણે ૮૨૦૦ કલાકનો અનુભવ છે. સહ પાયલટ પાસે ૧૧૦૦ કલાકોની ઉડાનનો અનુભવ હતો. એટીસીના અનુસાર, વિમાન અમદાવાદથી રનવે ૨૩થી 1339 IST (0809 UTC) પર રવાના થયું. તેણે એટીસીને મેડે કોલ કર્યો, પણ ત્યારબાદ એટીસી દ્વારા કરવામાં આવેલા કોલ પર વિમાન દ્વારા કોઈ પ્રતિક્રિયા આપવામાં નથી આવી.

પાના ૧ ઉપરનું ચાલું
## અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં ૨૯૧થી

એર ઈન્ડિયાનું વિમાન AI-171 ક્રેશ થયું, જેમાં ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. આ દુર્ઘટના અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં આવેલી ડોક્ટર્સ હોસ્ટેલ પર થઈ હતી, જેના કારણે હોસ્ટેલને પણ ભારે નુકસાન થયું છે. ગુજરાતના અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયાના કલાકો પછી, સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સેવાઓ ફરી શરૂ થઈ ગઈ છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક વહીવટીતંત્ર દ્વારા આ માહિતી આપવામાં આવી છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે જણાવ્યું હતું કે એરપોર્ટ હવે મર્યાદિત ફ્લાઈટ્સ સાથે કાર્યરત છે. મુસાફરોને માહિતી માટે એરલાઈન્સનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ સમયે ક્રેશ થવા પાછળના પ્રાથમિક કારણો અને દુર્ઘટનાક્રમ અંગે વધુ વિગતો સામે આવી છે. ટેકઓફ થયા બાદ પ્લેનના ટાયર ઈન્સર્ટ ન થતા (અંદર ન જતા) આ દુર્ઘટના સર્જાઈ હતી. વિમાન સૌપ્રથમ એક એવી બિલ્ડિંગ સાથે અથડાયું હતું જ્યાં મેસ (ભોજનાલય) ચાલતી હતી. મળતી માહિતી મુજબ, ટેકઓફ બાદ જ્યારે પ્લેનના ટાયર અંદર ન ગયા, ત્યારે વિમાન સૌપ્રથમ નજીક ચાલતી મેસની બિલ્ડિંગ સાથે અથડાયું. આ ટક્કર એટલી જોરદાર હતી કે પ્લેનની ટેઈલના (પાછળના ભાગના) બે ટુકડા થઈ ગયા હતા. ત્યારબાદ વિમાન આગળ વધીને અતુલ્યમ બિલ્ડિંગને અથડાયું હતું, જ્યાં ઈન્ટર્ન ડોક્ટરની હોસ્ટેલ આવેલી હતી. આ અથડામણ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએ થઈ હતી, જેનાથી બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને તે ધરાશાયી થવાની શક્યતા છે. દુર્ઘટનામાં એક રાહતની વાત એ છે કે, જે બિલ્ડિંગને પ્લેન ટકરાયું તેની બરાબર બાજુમાં જ એક પાંચ માળનું બીજું બિલ્ડિંગ આવેલું છે, જેમાં PG (પેઈંગ ગેસ્ટ) હોસ્ટેલ ચાલે છે અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રહે છે. જો પ્લેન આ PG હોસ્ટેલને અથડાયું હોત, તો જાનમાલની અત્યંત મોટી અને ભયાવહ હાનિ થવાની આશંકા હતી.

મહત્વની વાત એ છે કે પ્લેન કોઈ બિલ્ડિંગમાં ઘૂસી ગયું ન હતું, પરંતુ બિલ્ડિંગ સાથે અથડાયું હતું. જો પ્લેન કોઈ બિલ્ડિંગ પર સીધું ક્રેશ થયું હોત કે તેમાં ઘૂસી ગયું હોત તો કદાચ તેનાથી પણ વધુ ભારે ખાનાખરાબી સર્જાઈ હોત. હાલ ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, અને દુર્ઘટનાના સંપૂર્ણ કારણો જાણવા માટે તપાસ ચાલુ છે.

મળતી માહિતી મુજબ, ક્રેશ થયેલું વિમાન હોસ્ટેલ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએથી અથડાયું હતું. આ ભયાવહ ટક્કરને કારણે બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને તે ગમે ત્યારે તૂટી પડે તેવી શક્યતા છે. વિમાન અથડાયા બાદ બિલ્ડિંગમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં ઈન્ટર્ન ડોક્ટર અને તેમના પરિવારજનો સહિત અંદાજે ૫૦થી વધુ લોકો રહેતા હતા.

આગની ભીષણતાને કારણે કેટલાક લોકો પોતાનો જીવ બચાવવા બિલ્ડિંગના ચોથા માળેથી કૂદ્યા હતા. આ ઘટનાને નજરે જોનાર લોકોનું કહેવું છે કે, એક વ્યક્તિએ એક બાળકનો જીવ બચાવવા માટે તેને ચોથા માળેથી નીચે ફેંક્યો હતો. જ્યારે, એક મહિલા પણ ચોથા માળેથી કૂદી હોવાથી તેને ગંભીર ઈજાઓ પહોંચી છે.

નજરે જોનાર કેટલાક લોકોનું કહેવું છે કે બિલ્ડિંગમાં આગ લાગતા ૮થી વધુ લોકો ચોથા માળેથી કૂદ્યા હતા. પ્લેન ક્રેશ અને બિલ્ડિંગમાં લાગેલી આગને કારણે કુલ ૯થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા સેવવામાં આવી રહી છે, જોકે સત્તાવાર આંકડાઓની રાહ જોવાઈ રહી છે.

આ દરમિયાન, વિમાનનું અત્યંત મહત્ત્વપૂર્ણ બ્લેક બોક્સ એરપોર્ટ ઓથોરિટી દ્વારા સુરક્ષિત રીતે લઈ લેવામાં આવ્યું છે. આ બ્લેક બોક્સ વિમાન ક્રેશના કારણો અને તે સમયની પરિસ્થિતિ અંગેની મહત્ત્વની જાણકારી પૂરી પાડશે. સમગ્ર ઘટના અંગે વધુ તપાસ ચાલી રહી છે.

રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૯૦૦ અને મોબાઈલ નં. ૯૯૭૮૪૦૫૩૦૪ ઉપર સંબંધિતો સંપર્ક કરી શકશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૯૭ | ૧૦૬૮ |
| ૨ | શિંગ મોટી | ૮૦૧ | ૧૧૧૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૭૧૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૭૯ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૦૧ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૨૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૯૫ | ૨૧૯૦ |
| ૮ | બાજરો | ૩૧૦ | ૪૬૦ |
| ૯ | જુવાર | ૨૨૦ | ૭૩૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૫૮ | ૫૫૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૩૨ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૪૮૧ |
| ૧૩ | મગ | ૧૧૮૦ | ૧૩૭૧ |
| ૧૪ | અડદ | ૧૦૬૫ | ૧૩૧૦ |
| ૧૫ | ચણા | ૬૬૦ | ૧૦૮૫ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૫૩ | ૧૧૨૭ |
| ૧૭ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૭૨ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૦૫ | ૧૩૨૦ |
| ૧૯ | ચોળી | ૭૭૫ | ૭૭૫ |
| ૨૦ | તુવેર | ૬૫૦ | ૧૨૩૧ |
| ૨૧ | કપાસ | ૭૭૦ | ૧૬૦૨ |
| ૨૨ | એરંડા | ૧૧૦૦ | ૧૨૩૨ |
| ૨૩ | જીરૂ | ૨૯૦૦ | ૩૮૮૦ |
| ૨૪ | ધાણા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૨૫ | ધાણી | ૧૦૭૦ | ૧૩૨૫ |
| ૨૬ | મેથી | ૬૦૦ | ૯૦૦ |
| ૨૭ | સોયાબીન | ૫૧૦ | ૮૦૨ |
| ૨૮ | કાંગ | ૪૧૫ | ૫૨૬ |

પાના ૮ ઉપરનું ચાલું
## DNA ટેસ્ટ કરાશે

પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાઓના D.N.A. સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા વ્યવસ્થા કરાઈ છે. ૫૦ ઈજાગ્રસ્તોની સારવાર સિવિલ હોસ્પિટલ ખાતે ચાલી રહી છે. તમામ દર્દી સ્ટેબલ છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કસોટી ભવનમાં DNA સેમ્પલ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મૃતકના નજીકના સગા ( માતા પિતા અથવા બાળકો) ડીએનએ સેમ્પલ આપી શકશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના કસોટી ભવન માં આ DNA સેમ્પલ લેવાની વ્યવસ્થા કરાઈ છે. બી.જે. મેડિકલ કોલેજના ગ્રાઉન્ડ ફ્લોર પર આ કસોટી ભવન આવેલું છે. સગા – સ્નેહી જનોને આ કસોટી ભવન ખાતે હ્રદ્રછ સેમ્પલ આપવા સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રોમા (ઈમરજન્સી) સેન્ટરમાં દર્દીલક્ષી સારવાર સંબંધિત માહિતી મેળવવા સંપર્ક કરવા માટેના બે ફોન નંબર હોસ્પિટલ તંત્રે જાહેર કર્યા છે તે આ મુજબ છે. ૬૩૫૭૩૭૩૮૩૧ અને ૬૩૫૭૩૭૩૮૪૧

પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ amc એ પણ પાલડી ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કર્યો છે. જુદી જુદી ૩ શિફટમાં અધિકારીઓને કામગીરી સોંપાઈ છે. Amc ના જુદા જુદા વિભાગના સેંકડો કર્મચારીઓ અને મશીનરી ઘટનસ્થળે ઉપસ્થિત છે.

પાના ૮ ઉપરનું ચાલું
## પિતાનો બિઝનેસ સંભાળવા

સ્થિતિ વિશે જાણકારી લીધી.

શુભ મોદી (૨૪ વર્ષ) અને શગુન મોદી (૨૨ વર્ષ) બંને ઉદયપુરના માર્બલ વેપારી પિંકુ મોદીના દીકરો અને દીકરી છે. બંનેએ એમબીએનો અભ્યાસ પૂરો કર્યો હતો અને હવે પિતાના બિઝનેસમાં મદદ કરી રહ્યા હતા. જાણકારી અનુસાર, બંને ભાઈ-બહેન ફરવા માટે થઈને લંડન જઈ રહ્યા હતા, જ્યાં તેમના એક મિત્ર પાસે રોકાવાનો પ્લાન હતો. વિમાન દુર્ઘટનાના સમાચાર આવ્યા બાદ પિંકુ મોદીનો આખો પરિવાર અમદાવાદ રવાના થઈ ગયો. શુભ અને શગુનનું નામ પેસેન્જર લિસ્ટમાં ક્રમાંક ૯૮ અને ૯૯ પર હતા. આ દરમિયાન સ્થાનિક લોકો પણ તેમના ઘરે એકઠા થઈ રહ્યા છે. આ ફ્લાઈટમાં ઉદયપુર જિલ્લાના રુંડેડા ગામના રહેવાસી વર્દીચંદ મેનારિયા અને પ્રકાશ મેનારિયા પણ સવાર હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને લંડનમાં શેફનું કામ કરતા હતા. કામના અર્થે પરત ફરી રહ્યા હતા. તેમનું નામ પેસેન્જર લિસ્ટમાં ક્રમાંક ૯૦ અને ૯૧ પર હતા.

અહીં ઉલ્લેખનીય છે કે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI171 લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભર્યાની થોડી જ મિનિટો બાદ બપોરે લગભગ ૧.૪૦ વાગ્યે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. વિમાનમાં ચાલક દળ સહિત કુલ ૨૪૨ લોકો સવાર હતા. અત્યાર સુધી આ દુર્ઘટનામાં એવું કહેવાય છે કે કોઈ મુસાફર બચી શક્યું નહીં.

પાના ૧ ઉપરનું ચાલું
## વિજય રૂપાણીનું નિધન

મળ્યા. અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. આ ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને ઘાયલ થયા છે તેવા સમાચારોથી ખુબ વ્યથિત છું.

દુર્ઘટનાગ્રસ્ત લોકોને મદદરૂપ બનવા, બ્લડ ડોનેટ કરવા અને પ્રશાસનને જ્યાં જરૂર પડે ત્યાં મદદરૂપ થવા કોંગ્રેસ કાર્યકર્તાઓને વિનંતી કરું છું. વિસાવદર અને કડીની પેટા ચુંટણીઓ ચાલી રહી છે ત્યારે આજના દિવસની તમામ જાહેર સભાઓ, સ્વાગત સમારોહ, રેલીઓ રદ કરવાની ઘોષણા કરું છું. સમગ્ર કોંગ્રેસ પરિવાર શોકગ્રસ્ત પરિવારોની સાથે દુઃખમાં સહભાગી છે. ઈશ્વર મૃતકોના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરું છું અને મૃતકોને શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું.

તો બીજી તરફ વિસાવદર પેટા ચૂંટણીના ત્રણ દિવસના પ્રચાર પ્રવાસે ગયેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આજે અમદાવાદ નજીક થયેલી વિમાન દુર્ઘટનાની દુઃખદ સમાચાર મળતાની સાથે જ પોતાનો પ્રવાસ તાત્કાલિક રોકી અમદાવાદ માટે રવાના થઈ ગયા છે. તેમણે શોક વ્યક્ત કરતાં માહિતી આપી હતી કે આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન થયું હોવાની માહિતી જાણીને દુઃખ થયું છે. ભગવાન તેમની આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ ઘડીએ હિંમત આપે.

પરિમલ નથવાણીએ પોતાના ટ્વિટમાં લખ્યું હતું કે, "અમદાવાદ એરપોર્ટ નજીક એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અવસાન વિશે જાણીને દુઃખ થયું. હું તેમને છેલ્લા ઘણા વર્ષોથી વ્યક્તિગત રીતે જાણતો હતો અને તેઓ ખૂબ જ સારા માણસ હતા.

તેમની અકાળ વિદાય માટે મારી પાસે શબ્દો નથી. આ શોકના સમયમાં તેમના પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના. ભગવાન દ્વારકાધીશ તેમને શાશ્વત શાંતિ આપે. ઓમ શાંતિ " જોકે બાદમાં પરિમલ નથવાણીએ કોઈ કારણોસર આ ટ્વિટ ડિલિટ કરી નાખ્યું હતું.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૪૭૬ |
| ૨ | તલ સફેદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૩ | સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ૫ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૫૦ | ૧૨૧૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૧૬૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૨૫૫ |
| ૭ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૫૨ |
| ૮ | કપાસ | ૧૪૦૦ | ૧૫૪૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૦ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૬૦ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ૧૩ | મકાઈ | – | ૫૮૦ |
| ૧૪ | મગ | ૧૨૦૦ | ૧૪૫૬ |
| ૧૫ | અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૬ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૯ |
| ૧૭ | દેશી ચણા | ૧૦૮૦ | ૧૧૯૦ |
| ૧૮ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | એરંડી | ૧૧૫૦ | ૧૧૮૦ |
| ૨૦ | મેથી | ૬૦૦ | ૮૦૦ |
| ૨૧ | ધાણા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૭૬૦ |

## શેડુભાર, લાલાવદર, જેસીંગપરા સહિતનાં વિસ્તારમાં કૃષિ રથ પૂર્ણ કરાયો



અમરેલી, તા. ૧૨

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા તારીખ ૨૯/૫/૨૫ થી ૧૨/૬/૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિ રથ જાફરાબાદ તાલુકાના શેડુભાર, લાલાવદર, જેસીંગપરા અને રાજુલા તાલુકાના મુકામે પૂર્ણ કરાયો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો. વી.એસ. પરમાર, ડો. નેહા તિવારી, ખેતી અધિકારી સૂજીત બારિયા અને કવિતા ગઢીયા દ્વારા ૧૫ દિવસમાં ૯૦ ગામમાં ફર્યો હતો. ખેડૂતોને આધુનિક ખેતીમાં ડ્રોનનું મહત્વ, સાંકડે ગાળે કપાસનું વાવેતર તેમજ પ્રાકૃતિક ખેતી, કૃષિ યુનિવર્સિટીની નવી જાતો (જીજેજી–૩૨, જીજી–૩૫,જીજી–૪૧) નો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત મિત્રોની મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈફકોના પ્રતિનિધિ આત્માના પ્રતિનિધિ ગ્રામ સેવક તેમજ બાગાયત અધિકારી પણ આ અથ દરમિયાન હાજર રહ્યા હતા. ૧૫,૦૦૦ થી વધુ ખેડૂતભાઈઓ અને બહેનોએ આ રથનો લાભ લીધો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## ડોક્ટરો જમવાની તૈયારી કરતા હતા

વિમાન રહેણાક વિસ્તારમાં પડ્યું છે પરંતુ વિમાનનો કેટલોક ભાગ મેડિકલ હોસ્ટેલ પર પડ્યો હતો. અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લેનમાં સવાર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ મળીને ૨૪૨ લોકો સવાર હોવાની માહિતી મળી છે. આવી સ્થિતિમાં વિમાન દુર્ઘટનામાં ઈમારતની દિવાલ તૂટી ગઈ હતી.

જમવાની જગ્યા છે ત્યાં વિમાનનો મોટો ભાગ દિવાલ તોડીને અંદર ઘૂસી ગયો હતો.મેસના ટેબલ પર જમવાની થાળીઓ પડેલી અને આ સમયે મેડિકલના વિદ્યાર્થી કે ડૉક્ટર્સ અહીં હતા કે નહીં તે સ્પષ્ટ થયું નથી. વિમાનનું વિશાળ ટાયર પણ એક જગ્યા પર બિલ્ડિંગ પાસે લટકી ગયું હતું, જેના કારણે વિમાનની દિવાલ તૂટી ગઈ છે. આ ઘટના દરમિયાન બિલ્ડિંગમાં હાજર મેડિકલ સ્ટૂડન્ટ્સને પણ ઈજાઓ થઈ હોવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## જમીન પર પડતા જ આગના ગોળામાં

ઈમારતો પણ આગની લપેટમાં આવી ગઈ છે. એરપોર્ટથી મેઘાણી નગરનું અંતર લગભગ ૧૫ કિલોમીટર છે. અકસ્માત પછી તરત જ, ૭ ફાયર બ્રિગેડ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ ઓલવવાનું શરૂ કર્યું હતું. ઘાયલોને હોસ્પિટલ લઈ જવા માટે ઘણી એમ્બ્યુલન્સ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં બે પાયલોટ, ૧૨ ક્રૂ મેમ્બર્સ અને ૨૩૦ મુસાફરોનો સમાવેશ થાય છે. ગુરુવારે બપોરે ૧:૩૮ વાગ્યે વિમાને ઉડાન ભરી હતી અને માત્ર બે મિનિટ પછી ૧:૪૦ વાગ્યે ક્રેશ થયું હતું. અમદાવાદ પોલીસ કંટ્રોલ રૂમે આ વાતની પુષ્ટિ કરી છે. મળતી માહિતી મુજબ, આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું અને અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભર્યાના થોડા સમય પછી મેઘાણી નગર નજીક ક્રેશ થયું હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## ૪ બિલ્ડિંગને ભારે નુકસાન

૨, ૩ અને ૪ બિલ્ડિંગને ભારે નુકસાન પહોંચ્યું છે. ઘટના સ્થળ પર ડીજીપી, અમદાવાદ શહેર પોલીસ કમિશનર, ફોરેન્સિક એક્સપર્ટની ટીમ પહોંચી ગઈ છે અને તપાસ કરી રહી છે. વિમાન સૌપ્રથમ એક એવી બિલ્ડિંગ સાથે અથડાયું હતું જ્યાં મેસ (ભોજનાલય) ચાલતી હતી.

આગની ભીષણતાને કારણે કેટલાક લોકો પોતાનો જીવ બચાવવા બિલ્ડિંગના ચોથા માળેથી કૂદ્યા હતા. આ ઘટનાને નજરે જોનાર લોકોનું કહેવું છે કે, એક વ્યક્તિએ એક બાળકનો જીવ બચાવવા માટે તેને ચોથા માળેથી નીચે ફેંક્યો હતો. જ્યારે, એક મહિલા પણ ચોથા માળેથી કૂદી હોવાથી તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. નજરે જોનાર કેટલાક લોકોનું કહેવું છે કે બિલ્ડિંગમાં આગ લાગતા ૮થી વધુ લોકો ચોથા માળેથી કૂદ્યા હતા.

આ દુઃખદ ઘટનાની જાણ થતાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી અને સંબંધિત વરિષ્ઠ સચિવોનો ટેલીફોન પર સંપર્ક કરીને ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક સારવાર માટે પહોંચાડવા ગ્રીન કોરીડોરની વ્યવસ્થા માટે અને હોસ્પિટલમાં સારવારની તમામ વ્યવસ્થાઓ અગ્રતાક્રમે સુનિશ્ચિત કરવા પણ સુચનાઓ આપી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૦ | ૧૦૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૭ |
| ૩ | ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૪ | તુવેર લાલ | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૫ | મગ | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૬ | તલ કાળા | ૨૫૫૧ | ૨૫૫૧ |
| ૭ | તલ સફેદ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| ૮ | શીંગ ફાડા | ૧૦૧૦ | ૧૨૫૦ |
| ૯ | અડદ | ૧૧૩૦ | ૧૩૧૫ |
| ૧૦ | એરંડા | ૧૦૪૦ | ૧૧૮૧ |
| ૧૧ | ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૧૨ | બાજરો | ૩૨૫ | ૩૨૫ |
| ૧૩ | મેથી | ૮૮૦ | ૮૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૬૦ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૮ | ૫૧૧ |
| ૪ | ધાણા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૪૫ |
| ૬ | જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| ૭ | શીંગફાડા | ૧૨૭૫ | ૧૩૯૦ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૯૪૦ |
| ૯ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૨૫ |
| ૧૦ | સોયાબીન | ૫૫૦ | ૭૮૨ |
| ૧૧ | ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૨ | મગ | ૯૦૦ | ૧૩૩૦ |
| ૧૩ | મેથી | ૮૧૮ | ૮૧૮ |
| ૧૪ | ચોળી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૫ | તુવેર | ૧૦૨૫ | ૧૦૮૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## ૧૯૮૮માં પ્લેન ક્રેશ થયું હતું

અને લેન્ડિંગ વખતે બને છે. એવિએશન સેફ્ટીના આંકડા અનુસાર વર્ષ ૨૦૨૩માં વિશ્વભરમાં વિમાન દુર્ઘટનાની કુલ ૧૦૯ ઘટના બની છે, જેમાં ૩૭ ઘટના ટેકઓફ વખતે થઈ છે.

ભારતમાં વિમાન દુર્ઘટનાઓનો લાંબો ઈતિહાસ છે. આવી ઘટનાઓ હંમેશા ટેકનીકલ ખરાબી, માનવીય ભૂલ અથવા ખરાબ હવામાનને કારણે બને છે. ભારતમાં વર્ષ ૧૯૭૨થી લઈને વર્ષ ૨૦૨૫ સુધીમાં આવી કુલ ૧૦ ઘટનાઓ બની છે. ૧૪/૦૬/૧૯૭૨ - દિલ્હી એરપોર્ટ પાસે વિમાન ક્રેશ, ૮૨ના મોત : વર્ષ ૧૯૭૨માં જાપાન એરલાઈન્સની ફ્લાઈટ નંબર-૪૧૭ નવી દિલ્હી પાસેના પાલન એરપોર્ટ પર લેન્ડ થવાની હતી, જોકે તે એરપોર્ટ પાસે જ ક્રેશ થઈ ગઈ હતી, જેમાં ૮૨ લોકોના મોત થયા હતા. જ્યાં પ્લેન ક્રેશ થયું, ત્યાં ઉભેલા ત્રણ નાગરિકોના પણ મોત થયા હતા. જાપાને ઘટનાનું કારણ 'ફોલ્સ ગ્લાઈડ પાથ સિગ્નલ' હોવાનું કહ્યું હતું. જ્યારે ભારતે લેટડાઉન પ્રક્રિયાને અવગણવાનું કારણ ગણાવ્યું હતું.

૩૧/૦૫/૧૯૭૩ - દિલ્હીના પાલમ એરપોર્ટ પાસે પ્લેન ક્રેશ, ૬૫ના મોત : વર્ષ ૧૯૭૩માં ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ નંબર-૪૪૦ નવી દિલ્હીના પાલમ એરપોર્ટ પર લેન્ડ થઈ રહી હતી. આ દરમિયાન પાયલોટે લેન્ડિંગ વખતે સામાન્ય ભૂલ કરતા મોટી દુર્ઘટના બની હતી અને પ્લેન પાલન એરપોર્ટ પર જ ક્રેશ થઈ ગયું હતું. આ વિમાનમાં ૬૫ મુસાફરો સવાર હતા, જેમાંથી ૪૮ મુસાફરોએ જીવ ગુમાવ્યો હતો.

૧૨/૧૦/૧૯૭૬ - મુંબઈમાં વિમાનનું એન્જીન ફેલ, ૯૫ના મોત : વર્ષ ૧૯૭૬માં ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ નંબર-૧૭૧નું એન્જીન અચાનક ફેલ થઈ ગયું હતું, જેના કારણે ભયાનક વિમાન દુર્ઘટના બની હતી. આ ઘટના મુંબઈમાં બની હતી, જેમાં વિમાનમાં સવાર તમામ ૯૫ મુસાફરોના મોત થયા હતા. ૦૧/૦૧/૧૯૭૮ - મુંબઈની અરબી સમુદ્રમાં પ્લેન ક્રેશ, ૨૧૩ના મોત : મુંબઈના એરપોર્ટ પરથી એર ઈન્ડિયાનું બોઈંગ ૭૪૭ એટલે કે ફ્લાઈટ નંબર-૮૫૫ ટેકઓફ થયું હતું, તેની થોડી ક જ મિનિટોમાં પ્લેન મુંબઈના અરબી સમુદ્રમાં જઈને ક્રેશ થયું હતું. આ ઘટનામાં કુલ ૨૧૩ લોકોએ જીવ ગુમાવ્યો હતો. પ્લેન ક્રેશ થવાનું કારણ પાયલટની ભૂલ અને ઉપકરણોમાં ખરાબી હોવાની વિગતો સામે આવી હતી.

૧૯/૧૦/૧૯૮૮ - અમદાવાદના એરપોર્ટથી બે કિમી દૂર પ્લેન ક્રેશ, ૧૩૫ના મોત : અમદાવાદમાં અગાઉ ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ નંબર IC-113 ક્રેશ થઈ હતી. આ ફ્લાઈટ સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટથી બે કિલોમીટર દૂર ક્રેશ થઈ હતી. વિમાનમાં ૧૩૫ લોકો સવાર હતા, જેમાંથી ૧૩૩ના મોત થયા હતા. માત્ર બે લોકોનો જીવ બચ્યો હતો.

૧૨/૧૧/૧૯૯૬ - બે વિમાનો સામસામે અથડાતા ૩૪૯ લોકોના મોત : વર્ષ ૧૯૯૬માં ભારતના ઈતિહાસની સૌથી મોટી ભયાનક વિમાન દુર્ઘટના બની હતી. સાઉદી અરેબિયન એરલાઈન્સ અને કઝાકિસ્તાન એરલાઈન્સની ફ્લાઈટો આકાશમાં જ સામ-સામે અથડાઈ હતી. આ ઘટનામાં ૩૪૯ લોકોના મોત થયા હતા. આ ઘટના વિશ્વના સૌથી મોટા વિમાન દુર્ઘટનાઓમાંથી એક છે. ૧૭/૦૭/૨૦૦૦ - પટણા એરપોર્ટ, ૬૦ લોકોના મોત : વર્ષ ૨૦૦૦માં એલાઈન્સ એરની ફ્લાઈટ નંબર-૭૪૧૨ લેન્ડિંગ વખતે પટણાના એરપોર્ટ પર ક્રેશ થઈ ઘઈ હતી. પાઈલટે ફ્લાઈટ પર કાબુ ગુમાવવાના કારણે આ ઘટના બની હતી, જેમાં ૬૦ લોકોના મોત થયા હતા.

૨૨/૦૫/૨૦૧૦- કર્ણાટક એરપોર્ટ પર ફ્લાઈટ રન-વે પર લપસી જતા ક્રેશ, ૧૫૮ના મોત : એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઈટ નંબર-IX-812 કર્ણાટકના મંગલૌર એરપોર્ટ પર લેન્ડિંગ કરી રહી હતી, ત્યારે તે રન-વે પર લપસી જતા મોટી દુર્ઘટના બની હતી. આ ઘટનામાં ૧૫૮ લોકોના મોત થયા હતા. આ અકસ્માત ભારે વરસાદ અને રન-વેની સ્થિતિના કારણે થયો હોવાનું મનાય છે.

૦૭/૦૮/૨૦૨૦ - કોઝીકોડમાં પ્લેન દુર્ઘટના, ૧૮ના મોત : એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબરૈંઠ-૧૩૪૪ વંદે ભારત મિશનનો એક ભાગ હતી. ફ્લાઈટના પાયલોટે કેરળના કોઝીકોડમાં ભારે વરસાદ વચ્ચે એરપોર્ટના રન-વે પર લેન્ડ કરવાનો પ્રયાસ કર્યો હતો અને ફ્લાઈટ લપસી ગઈ હતી, જેના કારણે બે પાયલોટ સહિત ૧૮ લોકોના મોત થયા હતા.

૨૮/૦૧/૨૦૨૩ - મધ્યપ્રદેશમાં બે વિમાનો અથડાયા હતા : વર્ષ ૨૦૨૩માં મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં બે ફાઈટર જેટ્સ સુખોઈ અને મિરાજ-૨૦૦૦ આકાશમાં જ સામસામે અથડાયા હતા. જેમાં એક પાયલોટનું મોત થયું હતું.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી કોલેજ
સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ કોલેજ
સંકુલ M.A. મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઈંગ્લીશ કોલેજ
સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA કોલેજ
B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT કોલેજ

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૦૦ |
| ૩ | મગફળી | ૯૯૫ | ૧૦૮૫ |
| ૪ | જીરૂ | ૨૮૪૦ | ૩૭૫૦ |
| ૫ | ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૭૦ | ૧૯૪૦ |
| ૭ | તલ કાળા | ૨૩૩૦ | ૩૦૫૦ |
| ૮ | ચણા | ૧૦૫૧ | ૧૦૮૯ |
| ૯ | મગ | ૧૨૪૦ | ૧૪૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૦ | ૧૦૨૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૧ | ૧૯૮૧ |
| ૩ | તલ કાળા | ૨૨૫૦ | ૨૪૮૦ |
| ૪ | તલ પીળા | ૧૮૮૯ | ૧૮૮૯ |
| ૫ | કપાસ | ૧૧૫૦ | ૧૫૫૦ |
| ૬ | બાજરો | ૩૧૫ | ૫૫૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૨ |
| ૮ | જુવાર | ૩૧૪ | ૮૬૯ |
| ૯ | મગ | ૧૨૦૦ | ૧૪૨૬ |
| ૧૦ | અડદ | ૧૨૨૫ | ૧૩૧૦ |
| ૧૧ | તુવેર | ૯૯૦ | ૯૯૦ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૭૩ |
| ૧૩ | અજમા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૧૪ | મેથી | ૧૦૧૦ | ૧૦૧૦ |

### હું બીજા કોઈ વિશે વિચાર શા માટે કરું? — પલક તિવારી

# હવેના સ્ટારકિડ્ઝને સ્પર્ધા કે નેપોટીઝમનું પ્રેશર કે પરવાહ નથી

### ઇન્ડસ્ટ્રીની અન્ય એક્ટ્રેસ સાથે મારી સરખામણી થાય ત્યારે પોતાની લાગણીઓ પર કાબુ રાખવાની કોશિશ કરૂ છુ : પલક

મુંબઈ, તા.૧૨

એક સમય એવો હતો કે કોઈ સ્ટાર કિડ્ઝ લોંચ થવાના હોય તો ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ તેમને લોંચ કરવા માટે કોઈ મોટા પ્રોડક્શનની ફિલ્મ પસંદ કરતા સામે તેમની સામે કોઈ ઈન્ડસ્ટ્રી બહારના કલાકારોને કે અન્ય સ્ટાર કિડ્ઝને એક સાથે લોંચ કરાતા નહોતાં. પરંતુ છેલ્લાં કેટલાંક વખતમાં એકસાથે ઘણાં સ્ટારકિડ્ઝ લોંચ થયાં છે. તેમાં શાહરુખની દિકરી સુહાના ખાન, શ્રીદેવીની દિકરી ખુશી કપૂર, સૈફ અલી ખાનનો દિકરો ઈબ્રાહીમ અલી ખાન, આમિર ખાનનો દિકરો જૂનૈદ ખાન, ટ્વિંકલ ખન્નાની દિકરી રાશા થડાની, ટીવીની દુનિયાની જાણીતી એક્ટ્રેસ શ્વેતા તિવારીની દિકરી પલક તિવારી, શ્વેતા બચ્ચનનો દિકરો અગત્સ્ય નંદા, તેમની સામે ઈન્ડસ્ટ્રી બહારના પરિવારમાંથી આવતા વેદાંગ રૈના, શિખર અને વીર પહારીયા તેમજ લક્ષ્ય સહિતના યુવા કલાકારોનો સમાવેશ થાય છે. પરંતા આ કલાકારો એવા છે, જેઓ ઘણી પાર્ટી અને જાહેર કાર્યક્રમમાં એકબીજાની સાથે મળીને તેને માણતા દેખાય છે. સાથે જ ક્યારેય કોઈ જાહેરમાં એકબીજા અંગે કોઈ નકારાત્મક નિવેદન કરે તે અસુરક્ષાની લાગણી અનુભવે તેવું પણ ધ્યાનમાં આવતું નથી. આવી જ વાત તાજેતરના ઈન્ટરવ્યુમાં રાશા થડાની અને પલક તિવારીએ પણ કરી છે. પલક તિવારીએ તાજેતરમાં જ તેનાં સાથી કલાકારો સુહાના ખાન અને અનન્યા પાંડે સાથે સ્પર્ધાને કારણે કોઈ પ્રેશર અનુભવાય કે નહીં તે અંગે ખુલીને પોતાના વિચારો વ્યકત કર્યા હતાં. તાજેતરમાં જ 'ભુતની'માં તેના અભિનયની ચર્ચા થઈ છે, ત્યારે તાજેતરનાં ઈન્ટરવ્યુમાં લકે કહ્યું હતું કે જ્યારે ઈન્ડસ્ટ્રીની અન્ય એક્ટ્રેસ સાથે તેની સરખામણી ખાય ત્યારે તે પોતાની લાગણીઓ પર કાબુ રાખવાની કોશિશ કરે છે અને પોતાના કામ પર ધ્યાન આપે છે.પર્ફોર્મન્સ પ્રેશર અંગે વાત કરતાં પલકને પૂછાયું હતું કે અન્ય સ્ટાર કિડ્ઝ અનન્યા પાંડે, સુહાના ખાન, ઈબ્રાહીમ અલી ખાને પણ તેની આસપાસ જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે. ત્યારે તેમની સાથે સરખામણી થાય ત્યારે તેને દબાણ લાગે કે નહીં. આ પ્રશ્નના જવાબમાં પલકે ખુશ થઈને જવાબ આપ્યો હતો કે, ''તમે જ્યારે તમારું કામ શ્રેષ્ઠતાથી કરવા માગતા હોય ત્યારે જો તમે પ્રેશરમાં આવો તો એ તમારા કામમાં વિઘ્ન બની શકે છે, તેથી હું પ્રયત્ન કરું છું કે હું કોઈ પ્રેશર ન અનુભવું. બીજું મને એક્ટિંગ કરીને જાણે કોઈ થેરાપી લેતી હોય એવં અનુભવાય છે. એક્ટર બનવું એ મારા બાળપણનું સપનું રહ્યુ છે. હું જ્યારે કેમેરા સામે હોઉં છું ત્યારે સૌથી ખુશ હોઉં છું. મને સંતોષ છે કે હું મારું સપનું પૂરું કરી શકી છું, તો હું બીજા બધાં માટે વિચાર શા માટે કરું? લોકો વાતો કરશે, એ મારી પાસે તો પાછળથી પહોંચશે, તો એ તો જોઈ લેવાશે. હાલ તો હું ખુશ છું કે હું એક્ટિંગ કરું છું.''પલકે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેની ઉંમરના બધાં જ કલાકારો જ્યારે કોઈ પાર્ટીમાં મળે છે, ત્યારે બધાં જ એકબીજાનાં સંઘર્ષની વાતો કરતાં હોય છે. ''દરેકની પોતાની સફર છે. દરેક એક પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યાં છે કારણ કે આ યુવાન વયે પોતચાની જાતે પોતાનું નામ બનાવવું અઘરું છે. અમે બધાં જ અમને પોતાને પર્ફોર્મર માનીએ છીએ, બોલિવૂડ પણ પોતાનું ભવિષ્ય ફરીથી બનાવી રહ્યું છે, પણ મને વિશ્વાસ છે કે અમે બધાં અમારો રસ્તો બનાવી લઈશું.''પલકે છેલ્લે ભૂતની ફિલ્મમાં કામ કર્યું હતું, જે ગયા મહિને જ રિલીઝ થઈ છે.

### આકાશમાં ગાઢ કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો

# ૧:૧૦ પર બોર્ડિંગ, ૧:૧૭ પર ટેકઓફ, થોડી મિનિટોમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ

### પીએમ મોદી અને અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી મેળવી

અમદાવાદ, તા.૧૨

ગુજરાતના અમદાવાદથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં એર ઈન્ડિયાનું વિમાન ટેકઓફ થયા પછી તરત જ ક્રેશ થયું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ક્રેશ સ્થળ પરથી આકાશમાં ગાઢ કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો, જેના કારણે વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી.

અકસ્માતનો સંપૂર્ણ સમયરેખાઃ

**1:10 PM** - બોર્ડિંગ પૂર્ણ, ટેકઓફ માટેની તૈયારી : એર ઈન્ડિયાની ફ્લાઈટ **AI-171** અમદાવાદથી લંડન જવાની હતી. બધા ૨૪૨ મુસાફરો સવાર થઈ ગયા હતા અને વિમાન રનવે પર ટેકઓફ માટે તૈયાર હતું.

**1:17 PM** - ટેકઓફ : વિમાન અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરી ગયું. શરૂઆતની થોડી મિનિટો માટે ફ્લાઈટ સામાન્ય હતી.

વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં ૨૩૦ પુખ્ત વયના લોકો, ૨ બાળકો અને ૧૨ ક્રૂ મેમ્બર (૧૦ કેબિન ક્રૂ અને ૨ પાઈલટ)નો સમાવેશ થાય છે. અકસ્માત સમયે વિમાનનું સંચાલન પાઈલટ-ઈન-કમાન્ડ સુમિત સભરવાલ અને કો-પાઈલટ ક્લાઈવ કુંદરના હાથમાં હતું. દુર્ઘટના પછી તરત જ એરપોર્ટ ઈમરજન્સી ટીમ સક્રિય થઈ ગઈ. ઘટનાસ્થળથી દૂર સુધી ધુમાડાના ગોટા જોઈ શકાય છે. મેઘાણીનગરમાં ઘણી ઈમારતોને નુકસાન થયું છે. રાહત અને બચાવ કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

નોંધનીય છે કે **DGCA, DAW, ADAW** અને **FOI** ના વરિષ્ઠ અધિકારીઓ પહેલાથી જ અમદાવાદમાં હાજર હતા. તેઓ આ અકસ્માત સંબંધિત તમામ માહિતી એકત્રિત કરી રહ્યા છે અને તપાસ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. **NDRF** ના જણાવ્યા અનુસાર, ૯૦ કર્મચારીઓ સાથે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ **(NDRF)** ની ત્રણ ટીમો ગાંધીનગરથી વિમાન દુર્ઘટના સ્થળે મોકલવામાં આવી છે. વડોદરાથી કુલ ત્રણ વધુ ટીમો મોકલવામાં આવી રહી છે. પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી મેળવી છે. કેન્દ્ર સરકાર દ્વારા દરેક સંભવ મદદનું આશ્વાસન આપવામાં આવ્યું છે. તો કેન્દ્રીય ગૃહમંત્રી અમદાવાદ પહોંચવાના છે. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વિમાનમાં સવાર હતા. વિજય રૂપાણી લંડન જઈ રહ્યા હતા. તેઓ તેમના પરિવારને મળવા લંડન જઈ રહ્યા હતા. તેમના પત્ની અને પુત્રી સહિત તેમના ઘણા સંબંધીઓ લંડનમાં રહે છે, જેમને તેઓ મળવાના હતા.

### ક્રિતિ ખરબંદાએ રાણા નાઇડુ સીઝન ૨ વિશે વાત કરી

# મેં મારી કારકિર્દીના દસ વર્ષ માત્ર મારી જગ્યા બનાવવામાં જ કાઢ્યા

મુંબઈ, તા.૧૨

તાજેતરમાં જાણીતી એક્ટ્રેસ ક્રિતિ ખરબંદાએ તેની નેટફિલક્સ સિરીઝ 'રાણા નાઈડુ' અને કેરીઅર વિશે એક ઈન્ટરવ્યુમાં વિગતે વાતો કરી હતી. છેલ્લાં ઘણા વખતથી એક્ટર અને એક્ટ્રેસ વચ્ચે વળતરના ભેદભાવની ચર્ચાઓ ચાલતી રહે છે. તાજેતરમાં જ્યારે દીપિકાએ ૨૦ કરોડની ફી ઉપરાંત આઠ કલાકના કામ અને વધારાના કામ પર વધારાનું વળતર માગ્યું ત્યારે આ મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો. બીજી તરફ હિરો ફીપેઠે અધધ રકમ માગે તેને લોકો સામાન્ય ગણવા માંડ્યા છે. ત્યારે ક્રિતિએ જેન્ડર બાયસ અને તેણે ઈન્ડસ્ટ્રીમાં સ્વીકૃતિ મેળવવા માટે કેટલો સંઘર્ષ કર્યો, તે અંગે વાત કરી હતી. હવે ક્રિતી નેટફિલક્સના શો રાણા નાઈડુની બીજી સીઝનમાં જોવા મળશે, ત્યારે તેણે તેના અનુભવ વિશે પણ વાત કરી હતી. ક્રિતિએ કહ્યું, ''મેં હકીકતમાં ફિલ્મની ફૅનથી લઈને એક કાસ્ટ સુધીની સફર ખેડી છે કારણ કે મને પહેલી સીઝન બહુ ગમી હતી. તેથી મેં જ્યારે મારા પાત્રની સ્ક્રિપ્ટ વાંચી તો સારી વાત એ હતી કે હું બધાને ઓળખતી હતી. જોકે, મને એમાંથી રાણા સિવાય કોઈ સાથે કામ કરવાની તો તક મળી નહોતી. કારણ કે શોમાં અમારો બંનેનો એક અસ્ત વ્યસ્ત પરિવાર છે, જેનું અમારે બંનેને ધ્યાન રાખવાનું છે, તેમાં રજત કપૂર, તનુજ વિરવાણી અને હું છીએ. હું આલિયા ઓબેરોયનું પાત્ર ભજવું છું અને એ એક આવી છોકરી છે જે બહુ મહત્વાકાંક્ષી છે અને ફિલ્મ બિઝનેસ સાથે જોડાયેલી છે. એ બહુ મહત્વાકાંક્ષી છે અને જીવનમાં ઘણું કરવા માગે છે. તે પણ એક નાની લડત લડી રહી છે. તેને પણ જેન્ડર બાયસનો સામનો કરવો પડે છે. તેને લાગે છે કે, તેને કોઈ ગંભીરતાથી લેતું નથી અથવા તો એક સ્ત્રી છે એટલે તેને મળવો જોઈએ એ શ્રેય મળતો નથી. મને એ પાત્રમાં જે સૌથી વધુ ગમ્યું એ છે, તમે તેને નફરત નહીં કરી શકો. તમે તેના કામને યોગ્ય ઠેરવવાની કોશિશ કરશો અને તમને પણ તેના માટે દયા આવશે કારણ કે એ એવી જગ્યાએથી આવે છે, જેના સિવાય તેની સામે બીજો કોઈ વિકલ્પ નથી. જો મારે ત્રણ શબ્દોમાં આ પાત્ર વિશે વાત કરવાની હોય તો એ નિરિક્ષક છે, તે પ્રપંચી પણ છે અને વિઘ્નસંતોષી પણ છે.''જેન્ડર બાયસ અંગે ક્રિતિએ કહ્યું, ''આપણે ઈચ્છીએ છીએ કે આપણે લોકોને ગમીએ અને એમાં જ આપણે જીવનનો મોટો સમય કાઢી નાખીએ છીએ. આપણે કોઈ મર્યાદા તોડવા માગતા નથી. છોકરી તરીકે તમારા ઉછેરમાં હંમેશા છોકરી જેવું વર્તવા સમજાવાય છે. જો તમે વધુ માગણી કરશો તો તમારા પર તમારી સાથે કામ લેવું અઘરું છે એવી છાપ પડી જશે. આપણને શીખવવામાં આવે છે, શું સારું અને શું ખરાબ. તમે જીવનનો મોટો ભાગ તમે બીજાને ગમો અને તમને કોઈ ગમાડે એ આશામાં જ વિતાવી દો છો. પરંતુ આપણે એ પણ સમજવાની જરૂર છે કે કદાચ તમે કોઈને ન ગમો તો પણ કોઈ વાંધો નહીં. મેં મારી કૅરીઅરના દસ વર્ષ લોકો મને સ્વીકારે અને મારી જગ્યા બનાવવામાં જ કાઢી નાખ્યા, એ આશામાં કે લોકો મને ગમાડે અને તો મારી સાથે ભવિષ્યમાં પણ કામ કરશે.''ક્રિતિએ આગળ કહ્યું, ''પછી મને સમજાયું કે હું પણ એ લોકો જેટલી જ પ્રોફેશનલ હતી. હું પણ મેકઅપની ખુરશી પર બે કલાક વિતાવું છું તો હું પણ થાકું છું. મને ઘણું અનુભવાય છે અને હવે હું તેના અંગે અવાજ ઉઠાવતા ડરતી નથી. તમે કોઈની અસહમતીમાં પણ સહમત હોય તો એમાં કંઈ ખોટું નથી. તમે જ્યારે આવું વિચારવાનું શરૂ કરો ત્યારે કામ વધુ સહેલું થઈ જાય છે.''




હૈ ઈશ્વર..આ કેવો દુઃખદ સંયોગ : પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના તમામ પર્સનલ વાહનોના નંબર 1206 છે, વર્ષો પહેલા ખરીદેલ તેમનું પ્રથમ વાહનનો નંબર 1206 હતો – જે તેમનો લક્કી નંબર માનવામાં આવતો. અને આજની તારીખ પણ 12.06 છે, જે દિવસે તેમનું ભયાનક પ્લેન ક્રેશમાં કરૂણ મૃત્યુ નીપજ્યું છે.

### ડકોટાએ કહ્યું ડેટિંગમાં કોઈ જ સમાધાન ન થઈ શકે

# ડકોટા જહોન્સન અને કોલ્ડપ્લેના સિંગર ક્રિસ માર્ટિન અલગ થતા હોવાની ચર્ચા

### ડકોટાએ કહ્યું, ''દરેક પાત્રના આવરણો અને જટિલતા, વિરોધાભાસ, દરેક કન્ફ્યુઝ છે કે તેમણે પોતાના દિલ સાથે શું કરવું જોઈએ અને કયું પગલું યોગ્ય ગણાશે

મુંબઈ, તા.૧૨

છેલ્લા કેટલાંક સમયથી ડકોટા ડ્હોનસન અને ક્રિસ માર્ટિન આઠ વર્ષસાથે રહ્યાં પછી અલગ થઈ રહ્યાં હોવાની ચર્ચા છે. પરંતુ કોલ્ડપ્લે બેન્ડના લીડ સિંગર ક્રિસે આ અંગે કોઈ કડવાશ રાખી હોય એવું લાગતું નથી. સાથે જ ક્રિસે લાસ વેગાસના પોતાના શોમાં ડકોટાની આગામી ફિલ્મ 'મટિરીયાલિસ્ટ્સ'ની જાહેરાત પણ કરી હતી. જોકે, ડકોટાના શબ્દો અને વાત પરથી લાગ છે કે ક્રિસ આ વાતને જેટલી સહજતાથી લે છે, એટલું સહજતા અને હુંફ સાથે ડકોટા આ વાતને લઈ શકી નથી. તાજેતરમાં જ કોલ્ડ પ્લે બેન્ડની 'મ્યુઝિક ઓફ ધ સ્ફીયર્સ' વર્લ્ડ ટૂર યોજાઈ હતી. તેના અંતિમ કોન્સર્ટ વખતે ક્રિસે ડકોટા તરફ સિર ઝુકાવીને કહ્યું હતું, ''દરેકનો ખુબ આભાર. તમારી જાત પર દયા રાખજો. એકબીજા પ્રત્યે દયા રાખજો. મટિરીયાલિસ્ટ્સ જોવાનું ચૂકશો નહીં. અમે તમને પ્રેમ કરીએ છીએ.''જોકે, ડકોટા ડેટિંગ બબાતે ઊંચા ધારા ધોરણો ધરાવતી હોય એવું ટુડે શો વિથ ક્રેગ મેલ્વિન શો પર ક્રિસ ઈવાન્સ સાથેની તેની ચર્ચા પરથી લાગ્યું. પોતાના પાર્ટનર સાથેની એક વાત જેમાં કોઈ જ સમાધાન ન થઈ શકે, તે અંગે વાત કરતા ક્રિસ ઈવાન્સે જણાવ્યું, ''શ્વાનને પ્રેમ કરવો જોઈએ, એમને પ્રેમ મળવો જ જોઈએ. જો તમને શ્વાન ન ગમતા હોય, તો તમે કરો છો શું?'' તે પોતાના ડોજર નામના શ્વાનને પ્રેમ કરે છે, તેની આ વાત એક સાબિતી જેવી હતી. આ વાતમાં ડકોટા પણ કૂદી પડી હતી અને સમાધાન ન કરવા બાબતો પોતાનો મત જાહેર કરતાં કહ્યું, ''હા, પણ એક ખરાબ વ્યક્તિની જેમ નહીં?'' આ બાબતે ક્રેગ કશું બોલી શક્યો નહીં અને ક્રિસે તાળીઓ પાડીને કહ્યું, ''આ એક દમ ચોક્કસ જવાબ હતો. બરાબર છે. બિલકુલ સચોટ.''ડકોટાએ નિખાલસતાથી આ ફિલ્મમાં તેના રોલ વિશે પણ વાત કરી હતી. આ એક રોમકોમ ફિલ્મ છે, જેમાં પ્રેમ, દિલ તૂટવાની અને અસ્તવ્યસ્ત અને મૂંઝાઈ જવાય એવા જીવનની વાત છે. ડકોટાએ કહ્યું, ''દરેક પાત્રના આવરણો અને જટિલતા, વિરોધાભાસ. દરેક કન્ફ્યુઝ છે કે તેમણે પોતાના દિલ સાથે શું કરવું જોઈએ અને કયું પગલું યોગ્ય ગણાશે. મને એ ઘણું ઈમાનદાર લાગ્યું અને હું તેની સાથે મારી જાતને જોડી શકી.''આ ઉપરાંત સમાજ સંબંધોને કઈ રીતે જુએ છે, એ અંગે પણ ડકોટાએ વાત કરી હતી. તેણે કહ્યું, ''ઘણાં લાંબા સમયથી આપણે સંબંધો પર બહુ જલ્દી તારણ પર આવી જઈએ છીએ, એ કેવો હોવો જોઈએ, દુનિયામાં સંબંધોનું અસ્તિત્વ કેવું હોવું જોઈએ, લોકોએ ક્યારે લગ્ન કરવા જોઈએ અને ડિવોર્સ ખરાબ કહેવાય. આ બધી બાબતો વિશે તમે ખરેખર જો વિચારો તો, ડિવોર્સ કેમ ખરાબ છે? લોકોએ કેમ એક ચોક્કસ ઉમરે અને એક જ વખત લગ્ન કરવા જોઈએ? કેમ? તેનો કોઈ મતલબ નથી.'' ડકોટા જહોન્સન, ક્રિસ ઈવાન્સ અને પેડ્રો પાસ્કલની ફિલ્મ મેતમેકરની દુનિયાની વાત કરે છે, તે ૧૩ જૂને રિલીઝ થશે.

### અમરેલી જિલ્લામાં કુલ ૬ કેસ સામે આવ્યા

# રાજુલામાંથી વધુ એક કોરોના કેસ પ્રકાશમાં આવતાં સારવાર શરૂ

### નાગરિકોએ સાવચેતી રાખવી જરૂરી

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં રોજબરોજમાં કોરોનાના કેસ સામે આવી રહ્યા છે. ત્યારે આજે વધુ એક કેસ સામે રાજુલા ખાતે મળી આવતાં રાજુલામાં કોરોનાની નવી લહેરમાં આંક ૨ થવા પામેલ છે.

રાજુલા ગામે એક ૪૯ વર્ષિય પુરૂષને કોરોના પોઝિટીવ આવેલ છે. અમરેલી જિલ્લાના રાજુલા ૨, સાવરકુંડલામાં કેસ, અમરેલી અને હવે કોરોનાની બગસરા–૧ મળી કુલ ૬ થવા પામેલ છે. કોરોનાના રોજ વધી રહેલ કેસ સામે તંત્ર સાબદું થવા પામેલ છે.

ત્યારે કોરોનાના દિવસેને દિવસે વધી રહેલ કેસો સામે તંત્ર દ્વારા સાવચેતી રાખવા કરી અપીલ પણ કરવામાં આવી રહ્યા છે.

### પીએમ મોદીએ વિમાન દુર્ઘટના પર ચિંતા વ્યક્ત કરી

# અમદાવાદ વિમાન દુર્ઘટના પર બ્રિટિશ વડા પ્રધાને વ્યક્ત કર્યું દુઃખ

### અકસ્માતનું શબ્દોમાં વર્ણન કરી શકતો નથીઃ અમિત શાહ

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં વિવિધ દેશોના નાગરિકોને લઈ જતું વિમાન ક્રેશ થયું છે. મળતી માહિતી મુજબ, વિમાનમાં લગભગ ૫૩ બ્રિટિશ નાગરિકો સવાર હતા. બ્રિટિશ વડા પ્રધાને આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને એક પોસ્ટ શેર કરી છે જેમાં તેમણે કહ્યું છે કે વિમાનમાં બ્રિટિશ નાગરિકો હતા.યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન કીર સ્ટારમરે ટ્વીટ કર્યું, "ઘણા બ્રિટિશ નાગરિકોને લઈને લંડન જતું વિમાન અમદાવાદમાં ક્રેશ થયું છે. અકસ્માતના દ્રશ્યો ભયાનક છે. મને આ બાબતને લગતી દરેક માહિતી આપવામાં આવી રહી છે. મુસાફરો અને તેમના પરિવારો સાથે મારી સંવેદના છે."

વિમાન દુર્ઘટના પર શોક વ્યક્ત કરતા પીએમ મોદીએ કહ્યું, "અમદાવાદમાં બનેલી દુર્ઘટનાએ આપણને આઘાત અને દુઃખ પહોંચાડ્યું છે. તે શબ્દોથી પરે હ્રદયદ્રાવક છે. આ દુઃખદ ક્ષણમાં, મારી સંવેદના તેનાથી પ્રભાવિત તમામ લોકો સાથે છે. હું મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છું જે અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે કામ કરી રહ્યા છે."

અમદાવાદમાં થયેલા દુઃખદ વિમાન દુર્ઘટનાનું હું શબ્દોમાં વર્ણન કરી શકતો નથી. રાહત અને બચાવ કાર્ય માટે દળોને તાત્કાલિક અકસ્માત સ્થળ પર મોકલવામાં આવ્યા છે. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી અને અમદાવાદ પોલીસ કમિશનર સાથે વાત કરી. પ્રાથમિક માહિતી અનુસાર, આ પ્લેનમાં અંદાજે ૨૦૦ જેટલા મુસાફરો અને કાર્ગો પણ હતા. દુર્ઘટના એટલી ભયાનક હતી કે અત્યાર સુધીમાં ૫૦થી વધુ સળગેલી હાલતમાં મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે, જે ઓળખી શકાય તેવી સ્થિતિમાં નથી. પ્લેન બિલ્ડિંગમાં અથડાતા ત્યાં પણ મોટા પાયે નુકસાન થયું છે અને બિલ્ડિંગમાંથી પણ લોકોને રેસ્ક્યુ કરવામાં આવી રહ્યા છે.

# સાવરકુંડલાનાં મમતા ઘરની સેવાકીય યાત્રાને એક વર્ષ પૂર્ણ થતા ઉજવણી







સાવરકુંડલા સદ્ગુરૂ સેવા ટ્રસ્ટ સંચાલિત મમતા ઘર દ્વારા તેના એક વર્ષ પુર્ણ થવા નિમિત્તે ભવ્ય વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે પૂજય સંતો અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં બાળકો દ્વારા અદભુત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જેમણે સૌના દિલ જીતી લીધા હતા. છેલ્લા એક વર્ષથી મમતા ઘર સાવરકુંડલામાં મા અને બાપ વિહોણ જરૂરિયાતમંદ બાળકો માટે આશાનું કિરણ બન્યું છે. અહીં પાંચ વર્ષથી વધુ ઉંમરના બાળકોને ભણે ત્યાં સુધી વિનામૂલ્યે આશ્રય, ભોજન અને શિક્ષપ પુરૂ પાડવામાં આવે છે. આ ઉપરાંત મમતા ઘર દ્વારા વિનામૂલ્યે ટયુશન કલાસીસ પણ ચલાવવામાં આવે છે. જેના પરિણામે અનેક બાળ કો શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ વાર્ષિક મહોત્સવની ઉજવણીમાં પરમ પૂજય ઉષા મૈયા, પૂજય ભકિત બાપુ, પૂજય નારાયણ સાહેબ, કરસનગિરી બાપુ, ઘનશ્યામદાસ બાપુ સહિત અમરેલી ગદ્ય સાહિત્ય ગ્રુપ તેમજ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સૌની પ્રેરક ઉપસ્થિતિમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી સૌના દિલ જીતી લીધા હતા. બાળ કોની પ્રતિભા અને ઉત્સાહ જોઈએ ઉપસ્થિત સૌ કોઈ પ્રભાવિત થયા હતા. જે મમતા ઘર દ્વારા કરવામાં આવતા સરાહનીય કાર્યોનું પ્રતિક છે. મમતા ઘર સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યું છે. સંસ્થાનો મુખ્ય ઉદેશય એવા બાળકોને મદદ કરવાનો છે જેઓ માતા–પિતા વિહોણા છે અથવા જેમના માતા–પિતા તેમજે ભણાવવા સક્ષમ નથી. મમતા ઘર આવા બાળકોને ભણે ત્યાં સુધી વિનામૂલ્યે રાખવાની નેમ ધરાવે છે, જેથી તેઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને સમાજમાં સન્માનભેર જીવન જીવી શકે. જો આપના ધ્યાને કોઈ માત–પિતા વિહોણા અથવા જરૂરિયાતમંદ બાળક હોય જેને શિક્ષણ અને આશ્રયની જરૂર હોય, તો મમતા ઘર, અંબિકા સોસાયટી, સાવરકુંડલાનો સંપર્ક ૯૮૨૫૬ ૦૩૨૪૭ કરવા વિનંતી છે. આપનો એક નાનો પ્રયાસ કોઈ બાળકના ભવિષ્યને નવજીવન આપી શકે છે. સદ્ગુરૂ સેવા ટ્રસ્ટના પ્રમુખ મંજુલાબેન દુધરેજીયાની અખબારી યાદીમાં

### 11A નંબરની સીટ પર બેઠો હતો

# અમદાવાદ પ્લેન ક્રેશમાં ૨૪૨ પૈકી એક મુસાફર જીવિત મળ્યો

**જાણકારી અનુસાર જીવિત બચેલા મુસાફરનું નામ રમેશ વિશ્વાસ કુમાર છે અને તેઓ હાલ સારવાર હેઠળ છે**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પરથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયાની બે મિનિટમાં જ મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ છે. આ વિમાનમાં સવાર તમામ ૨૪૨ મુસાફરો પૈકી એક જ મુસાફર જીવિત હોવાની માહિતી સામે આવી છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે પણ માહિતી આપી હતી કે, પોલીસને વિમાનમાં 11A નંબરની સીટ પર એક જીવિત મુસાફર મળ્યો છે.

આ વિમાનમાં કુલ ૨૪૨ લોકોમાં ૧૬૯ ભારતીય મુસાફરો, ૫૩ બ્રિટિશ મુસાફરો, સાત પોર્ટુગીઝના નાગરિકો અને એક કેનેડિયન નાગરિક અને ૧૨ ક્રૂ મેમ્બર સવાર હતા.

આ પહેલા અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું હતું કે, 'એવુ લાગી રહ્યું છે કે, આ વિમાન દુર્ઘટનામાં મોટા ભાગના મુસાફરો જીવિત રહ્યા નથી. વિમાન રહેણાક વિસ્તારમાં ક્રેશ થયું હતું, જેના કારણે કેટલાક સ્થાનિકોના પણ મોત થયા છે. કાટમાળ અને આગની સ્થિતિ જોતા સ્થિતિ ખૂબ જ પડકારજનક બની છે.'

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું છે કે, 'આ વિમાન દુર્ઘટનામાં પોલીસ જવાનને 11A સીટ પર એક મુસાફર જીવિત મળ્યો છે.' પ્રાથમિક જાણકારી અનુસાર જીવિત બચેલા મુસાફરનું નામ રમેશ વિશ્વાસ કુમાર છે અને તેઓ હાલ સારવાર હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થતાં દેશભરમાં શોક છવાયો છે. અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા. જેમાં ૨૩૦ મુસાફરો અને ૨ પાયલટ સહિત ૧૨ ક્રૂ મેમ્બર પણ સામેલ હતા. પ્લેન ટેકઑફથી ક્રેશ થયાની ૮ મિનિટમાં શું થયું અને કયા કારણે પાયલટને એક મિનિટનો પણ સમય ન મળ્યો.

### અકસ્માતનો પહેલો વીડિયો સામે આવ્યો

# જમીન પર પડતા જ આગના ગોળામાં ફેરવાઈ ગયું એર ઈન્ડિયાનું વિમાન

**ચારે બાજુ કાળો ધુમાડો દેખાયો : ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, NDRF અને BSFની ટીમો બચાવ માટે પહોંચી ગઈ હતી**

અમદાવાદ, તા.૧૨

ગુજરાતના અમદાવાદ એરપોર્ટ નજીક એક મોટી વિમાન દુર્ઘટના બની છે. અહીં, એરપોર્ટને અડીને આવેલા મેઘાણી નગરમાં એર ઈન્ડિયાના એક પેસેન્જર વિમાનને ટેકઓફ થયા પછી તરત જ અકસ્માત થયો હતો.

કહેવામાં આવી રહ્યું છે કે આ આંતરરાષ્ટ્રીય ફલાઈટ અમદાવાદથી લંડન જઈ રહી હતી. અકસ્માત પછી બધે કાળો ધુમાડો જોવા મળ્યો હતો અને ફાયર બ્રિગેડના ઘણા વાહનો બચાવ માટે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

અકસ્માતનો પહેલો વીડિયો સામે આવ્યો છે જેમાં વિમાન આકાશમાં ઉડતું અને પછી થોડીક સેકન્ડમાં જમીન



પર પડતું જોઈ શકાય છે. મળતી માહિતી મુજબ, આ વિમાન લગભગ ૪૦૦ ફૂટની ઊંચાઈથી નીચે પડતું જોઈ શકાય છે. જમીન પર પડતાની સાથે જ વિમાન આગનો ગોળો બની ગયું અને જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો. સામે આવેલા રેસ્ક્યુ વીડિયોમાં જોઈ શકાય છે કે બધું રાખ અને કાટમાળમાં ફેરવાઈ ગયું હતું.

અકસ્માત પછી ઘણા વીડિયો સામે આવ્યા છે. મેઘાણી નગર જ્યાં વિમાન ક્રેશ થયું તે રહેણાંક વિસ્તાર છે અને આવી સ્થિતિમાં આસપાસની

અનુસંધાન પાના ૬ ઉપર

### અમદાવાદમાં ભાઈ-બહેનનું એક સાથે મોત

# પિતાનો બિઝનેસ સંભાળવા માટે કર્યુ હતું એમબીએ

**બંને ભાઈ-બહેન ફરવા માટે થઈને લંડન જઈ રહ્યા હતા, જ્યાં તેમના એક મિત્ર પાસે રોકાવાનો પ્લાન હતો**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાથી ઉદયપુર પણ હચમચી ગયું છે. આ વિમાનમાં ઉદયપુરના ચાર સ્થાનિકો સવાર હતા. તેમાં ઉદયપુરના માર્બલ વેપારી પિંકુ મોદીના ૨૪ વર્ષનો દીકરો શુભ અને ૨૨ વર્ષની દીકરી શગુન મોદી બેઠેલા હતા. તો વળી રુંડેડા ગામના વર્દીચંદ મેનારિયા અને પ્રકાશ મેનારિયા પણ અમદાવાદથી લંડન જઈ રહ્યા હતા. દુર્ઘટનાના સમાચાર મળતા જ પિંકુ મોદીનો પરિવાર અમદાવાદ રવાના થઈ ચૂક્યો છે. તો વળી મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પણ પોતાના તમામ કાર્યક્રમો રદ કર્યા બાદ ઉદયપુર જિલ્લા કલેક્ટર સાથે વાત કરી મુસાફરોની

અનુસંધાન પાના ૬ ઉપર

### બપોરના સમયે ભીષણ વિમાન દુર્ઘટના સર્જાઈ હતી

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં આણંદના 33 લોકો હતા સવાર

**અમદાવાદમાં વિમાન દુર્ઘટના સમયે આણંદના જાણીતા બિલ્ડર હાલાની પરિવારના 3 સભ્યો સામેલ હતા**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ એરપોર્ટ પર બુધવારે બપોરના સમયે ભીષણ વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનાગ્રસ્ત ફ્લાઈટમાં આણંદના ૩૩ મુસાફરોના સવાર હોવાની વિગત સામે આવી છે. આણંદ જિલ્લા કલેક્ટરે વિમાનમાં ૩૩ લોકો સવાર હોવાની પુષ્ટિ કરી છે. દુર્ઘટના સમયે આણંદના જાણીતા બિલ્ડર હાલાની પરિવારના ૩ સભ્યો સામેલ હતા. વિમાન દુર્ઘટનાની જાણ થતા હાલાની પરિવારના સંબંધીઓ અમદાવાદ દોડી આવ્યાં છે.

દુર્ઘટનામાં ભોગ બનેલા મુસાફરોમાં સોજીત્રા, બોરસદ, તારાપુર, કરમસદ,ચિખોદરા, ફાગણી, ખંભોળજ, ઉમરેઠ, કસુંબાડનાં લોકોનો સમાવેશ થાય છે. લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થઈ હતી. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 અમદાવાદથી લંડન ગેટવિક જઈ રહી હતી. દુર્ઘટના એટલી ભીષણ છે કે, મૃતકોની ઓળખ કરવી મુશ્કેલી બની રહી છે. હાલ તમામ મૃતકોની ઓળખવિધિ હાથ ધરવામાં આવી છે. મૃતકોની ઓળખ કરવા માટે DNA ટેસ્ટ કરવામાં આવશે.

આ દુર્ઘટના અંગે ધનંજય દિવેદીએ માહિતી આપી છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, એઆઈ ૧૭૧ ફ્લાઈટ માં ૨૩૦ પેસેન્જર સવાર હતા.

આજે બપોરે ૧.૪૦ કલાકે આ પ્લેન ટેકઓફ થતાની સાથે આ મોટી દુર્ઘટના ઘટી છે. આ પ્લેન જે બિલ્ડિંગ સાથે અથડાયી તે અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્ટાફ ક્વાટર, હોસ્ટેલ અને રહેણાંક વિસ્તાર હતો. ત્યાંના સ્થાનિક લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે.

### આખું હોસ્પિટલ મરણચીસોથી ગૂંજી ઉઠ્યું

# સિવિલ હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સની લાંબી લાઈન

**અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં પ્લેન ક્રેશ થયા બાદ સિવિલ હોસ્પિટલની બહાર ભયંકર સ્થિતિ જોવા મળી**



અમદાવાદ, તા.૧૨

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયા બાદ શહેરમાં સ્થિતિ ભયંકર જોવા મળી છે. ખાસ કરીને સિવિલ હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સની મોટા પ્રમાણમાં લાઈનો લાગેલી જોવા મળી છે. સાથે જ આખું સિવિલ હોસ્પિટલ મરણચીસોથી ગૂંજી ઉઠ્યું છે. બપોરે ૧:૩૮ વાગ્યે એર ઈન્ડિયાનું પ્લેન લંડન જવા માટે રવાના થયું અને ૫ મિનિટના ડિસ્ટન્સમાં જ ૧:૪૩ વાગ્યે પ્લેન ક્રેશ થયું હતું.

પ્લેન બી.જે. મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલ સાથે અથડાયું હતું અને અથડાતાની સાથે જ પ્લેનમાં બ્લાસ્ટ થયો હતો. પ્લેન અને બિલ્ડિંગ બંનેમાં બ્લાસ્ટ થયો હતો, ત્યાંના પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે. સાથે જ પ્રત્યક્ષદર્શીઓએ એવું પણ કહ્યું કે બિલ્ડિંગમાં એલપીજી સિલિન્ડર હતા જે બ્લાસ્ટ થયા છે.

જે સમયે પ્લેન ક્રેશ થયું ત્યારે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વિમાન હજુ તો ટેકઓફ થયું હતું જેના કારણે તેમાં ફ્યુઅલ પણ મોટા પ્રમાણમાં હતું. પ્લેન ક્રેશ થયા બાદ અમદાવાદ શહેરના રસ્તાઓ પર સતત એમ્બ્યુલન્સ દોડતી નજરે પડી હતી. સાથે જ ફાયર વિભાગની ટીમો પણ જુદા જુદા જિલ્લાઓમાંથી અમદાવાદ પહોંચી હતી.

પ્લેનમાં ૨૪૨ પ્રવાસીઓ સવાર હતા અને જે સમયે પ્લેન ક્રેશ થયું તે સમયે માત્રને માત્ર ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જિંદગી અને મોત વચ્ચે કેટલું અંતર રહેલું છે તે આ વિમાન દુર્ઘટનાથી ખબર પડે છે. કારણ કે પ્લેન ટેકઓફ થયાના માત્ર ૫ મિનિટમાં જ ક્રેશ થઈ ગયું હતું. પ્લેન ક્રેશ થયા બાદ બ્લાસ્ટ એટલા માટે થયો હતો કારણ કે પ્લેનમાં ૫૮ હજાર લિટર ઈંધણ હતું.

પ્લેન ક્રેશ થયું ત્યારે દીવાલમાં બાકોરું પડી ગયેલું એટલે કે પ્લેન દીવાલને આરપાર થઈ ગયું હતું. જે બિલ્ડિંગમાં પ્લેન ક્રેશ થયું ત્યાં પણ મોટી સંખ્યામાં જાનહાનિ થઈ છે. ઘટના બાદ આર્મી કેન્ટ અમદાવાદ ખાતે સેનાએ તેની બાઉન્ડ્રી વોલ તોડી નાખી છે. જેથી ક્રેશના સ્થળે સરળતાથી પ્રવેશ મેળવી શકાય.

### તેઓ ૮૨૦૦ કલાકનો અનુભવ ધરાવતા LTC

# ક્રેશ થયેલ વિમાન કેપ્ટન સુમિત સભરવાલ ઉડાડી રહ્યા હતા

**કો-પાઇલટને ૧૧૦૦ કલાકનો ઉડાનનો અનુભવ હતો**

અમદાવાદ, તા.૧૨

બુધવારે અમદાવાદ એરપોર્ટથી લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન ઉડાન ભર્યાના થોડા સમય પછી જ અકસ્માતનો ભોગ બન્યું હતું. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા.

ક્રેશ થયેલ વિમાન કેપ્ટન સુમિત સભરવાલ ઉડાડી રહ્યા હતા. તેઓ ૮૨૦૦ કલાકનો અનુભવ ધરાવતા LTC છે. કો-પાઈલટને ૧૧૦૦ કલાકનો ઉડાનનો અનુભવ હતો. TCના જણાવ્યા અનુસાર, વિમાને અમદાવાદથી રનવે ૨૩ પરથી 1339 IST (0809 UTC) વાગ્યે ઉડાન ભરી હતી. રનવે ૨૩ પરથી ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થયું હતું. અકસ્માત સ્થળ પરથી ધુમાડાના ગોટેગોટા નીકળતો જોવા મળ્યા હતા. ગુરૂવારે બપોરે અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણી નગર વિસ્તારમાં આ વિમાન ક્રેશ થયું. તેમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. પોલીસે આ માહિતી આપી. ફાયર ઓફિસર જયેશ ખાડિયાએ જણાવ્યું હતું કે વિમાન ક્રેશ થયા પછી તેમાં આગ લાગી હતી અને આગ ઓલવવા માટે ફાયર એન્જિનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. આ વિમાન લંડન જઈ રહ્યું હતું. આ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા હોવાની આશંકા છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, "વિમાન એરપોર્ટ નજીક મેઘાણી નગરમાં ક્રેશ થયું હતું."

અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના સ્થળે બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે. ઘાયલ મુસાફરોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવા માટે ગ્રીન કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.

### લંડનમાં નવી જિંદગી શરૂ કરવાનો હતો બાંસવાડાનો પરિવાર

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં આખો પરિવાર સાફ થઈ ગયો

**આ દુર્ઘટનામાં બાંસવાડાના રહેવાસી પ્રતીક જોશી પોતાના આખા પરિવારની સાથે ફ્લાઇટમાં સવાર હતા**

બાંસવાડા, તા.૧૨

અમદાવાદમાં થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં બાંસવાડા જિલ્લા સાથે સંબંધિત એક દુઃખદ મામલો સામે આવ્યો છે. આ દુર્ઘટનામાં બાંસવાડાના રહેવાસી પ્રતીક જોશી પોતાના આખા પરિવાર સાથે ફ્લાઈટમાં સવાર હતા. પ્રતીક જોશી આશરે છ વર્ષ પહેલાં લંડન શિફટ થઈ ગયા હતા. હવે તે પોતાની પત્ની અને ત્રણ બાળકો સાથે સ્થાયી રીતે વસવાટ માટે લંડન જઈ રહ્યા હતા.

પ્રતીક જોશીની પત્નીનું નામ ડો. કોમી વ્યાસ છે. તે એક ડોક્ટર હતી અને તેણે બે દિવસ પહેલાં જ પોતાની નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું, જેથી તે લંડનમાં નવી શરૂઆત કરી શકે. આ પરિવારમાં ત્રણ બાળકો છે. જેમાં બે જોડિયા દીકરીઓ છે અને બંનેની ઉંમર પાંચ વર્ષ છે.

આખો પરિવાર લંડનમાં સ્થાયી થવાના ઈરાદે આ ફ્લાઈટમાં સવાર થયો હતો. પ્રતીકની લાંબા સમયથી યોજના હતી કે, તે હવે પત્ની અને બાળકોને પણ લંડન લઈ જાય અને એક સાથે નવી જિંદગીની શરૂઆત કરે. પરંતુ કિસ્મતને કંઈક અલગ જ મંજૂર હતું. વિમાન દુર્ઘટનાએ આખા પરિવારની ખુશીઓ થોડી જ ક્ષણોમાં ભરખી લીધી.

આ અંગે જાણકારી સામે આવ્યા બાદ બાંસવાડામાં પ્રતીક જોશી અને તેના પરિવારના સંબંધીઓમાં શોકની લહેર છવાઈ ગઈ છે. તમામ લોકો આ ઘટનાને લઈને ખૂબ જ દુઃખી અને સ્તબ્ધ છે. પ્રતીક અને કોમી બંને ભણેલા-ગણેલા અને મહેનતી દંપતી હતું.

### જીવ બચાવવા લોકો ચોથા માળેથી કૂદ્યા

# વિમાન દુર્ઘટનામાં એક, બે નહીં પણ ૪ બિલ્ડિંગને ભારે નુકસાન

**દુર્ઘટનામાં હોસ્ટેલની કુલ ૪ બિલ્ડિંગ આગની ઝપેટમાં આવી હતી જેમાં તબીબો અને તેમના પરિવારજનો રહેતા હતા**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ટેક ઓફ કરતી વખતે એર ઈન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું હતું. આ વિમાન એરપોર્ટ પરથી બપોરે ૧.૩૮ વાગે ટેક ઓફ થયું હતું અને ૧.૪૦ વાગે દુર્ઘટના સર્જાઈ હતી.

પ્રાથમિક અહેવાલો પ્રમાણે મેઘાણીનગર વિસ્તારમાં ઘોડા કેમ્પ નજીક આઈજીબી કમ્પાઉન્ડમાં આ ઘટના બની હતી.

દુર્ઘટના સર્જાતા વિમાનનો કાટમાળ ૩૦૦થી ૪૦૦ ફૂટ દૂર સુધી ઉછળીને પડ્યો હતો. એટલે હોસ્ટેલ બિલ્ડિંગથી એફએસએલની બિલ્ડિંગ સુધી વિમાનનો કાટમાળ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. દુર્ઘટનામાં હોસ્ટેલની કુલ ૪ બિલ્ડિંગ આગની ઝપેટમાં આવી હતી. જેમાં તબીબો અને તેમના પરિવારજનો રહેતા હતા, જેથી તેમના મોતનો આંક વધી શકે છે.

અતુલ્યમ હોસ્પિટલની ૧,

અનુસંધાન પાના ૬ ઉપર

### હેલ્પલાઈન નંબર જાહેર કરાયો

# અમદાવાદ પ્લેન ક્રેશમાં માર્યા ગયેલા મૃતકોના DNA ટેસ્ટ કરાશે

**કસોટી ભવનમાં DNA સેમ્પલ આપવાની વ્યવસ્થા કરાઈ છે મૃતકના નજીકના સગા ડીએનએ સેમ્પલ આપી શકશે**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ વિમાન ક્રેશના મોટા સમાચાર એ છે કે, અત્યાર સુધી ૧૭૦ લોકોના મોતની ખબર આવી છે. તો બીજી તરફ દુર્ઘટનામાં કોઈના બચવાની આશા નથી. ત્યારે આવામા વિમાનમાં બેસેલા લોકોના પરિવારજનો વિચલિત થઈ રહ્યાં છે પોતાના સ્વજન વિશે જાણવાની. પરિવારજનોને ખબર જ ન હતી કે આ છેલ્લુ ગુડબાય હશે, જેઓને હોંશે હોંશે એરપોર્ટ પર છોડ્યા તેમના મોતની ખબર આવી. ત્યારે મૃતદેહોની ઓળખવિધિને લઈને સિવિલ હોસ્પિટલથી મોટા સમાચાર આવ્યા છે.

વિમાનમાં સવાર લોકોના સગાંના ડીએનએ લેવાની કાર્યવાહી શરૂ કરવામા આવી છે. ડીએનએ મેચ થયા બાદ મૃતકોની અંગોના ડીએનએ સાથે મેચ કરાશે. ત્યાર બાદ સગાઓને મૃતદેહો સોંપવાની કામગીરી કરાશે. જોકે, મૃતકોનો આંકડો મોટો હોવાથી આ પ્રકિયામાં સમય લાગવાની પુરી શક્યતા છે. આરોગ્ય અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યા અનુસાર અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ

અનુસંધાન પાના ૬ ઉપર

### આપણે અનેક લોકોને ગુમાવ્યા : રણધીર જાયસવાલ

# અમદાવાદ વિમાન દુર્ઘટના પર MEAએ દુઃખ વ્યક્ત કર્યું

**વિમાન દુર્ઘટનાને લઈ પોર્ટુગલ દૂતાવાસે દુઃખ વ્યક્ત કર્યું**

નવી દિલ્હી, તા.૧૨

એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર-AI171 અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટેક ઓફ થતાની સાથે જ થોડે દૂર ક્રેશ થઈ ગઈ છે. આ ભયાનક ઘટનાને લઈ દેશ-વિદેશમાં શોકની લહેર છવાઈ ગઈ છે. વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા. તેમાં ૧૬૯ ભારતીય મુસાફરો, ૫૩ બ્રિટિશ મુસાફરો, સાત પોર્ટુગીઝના નાગરિકો અને એક કેનેડિયન નાગરિક અને ૧૨ ક્રૂ મેમ્બર સવાર હતા.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે અમદાવાદ વિમાન દુર્ઘટના પર ઊંડુ દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, અમદાવાદમાં જે ઘટના બની, તે ખૂબ જ દુઃખદ દુર્ઘટના છે. તેમાં આપણે અનેક લોકોને ગુમાવ્યા છે. તેમણે પ્રિયજનો ગુમાવનારા તમામ લોકો પ્રત્યે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. આ અકસ્માતમાં ઘણા વિદેશી નાગરિકો પણ સામેલ છે. પરિસ્થિતિ હજુ પણ બદલાઈ રહી છે અને બચાવ કામગીરી ચાલુ છે. ચોક્કસ વિગતો બહાર આવવા માટે આપણે થોડો વધુ સમય રાહ જોવી પડશે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, ઘટનાને અંગેનું તમામ જરૂરી અપડેટ સંબંધિત વિભાગો, નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એર ઈન્ડિયા અને સત્તાવાર એજન્સીઓ દ્વારા શેર કરવામાં આવશે. બીજીતરફ ભારત સ્થિત પોર્ટુગલ દૂતાવાસે પણ દુઃખ વ્યક્ત કર્યું છે. દૂતાવાસે નિવેદન જાહેર કરીને કહ્યું કે, 'ભારતથી યુનાઈટેડ કિંગ્ડમ જઈ રહેલા એર ઈન્ડિયના વિમાન ક્રેશ થવાની ઘટના અંગે જાણીને અમે સ્તબ્ધ અને અત્યંત દુઃખી થયા છીએ. પ્રાથમિક માહિતી મુજબ, વિમાનમાં પોર્ટુગલના સાત નાગરિકો સવાર હતા. અમારી સંવેદનાઓ બધા અસરગ્રસ્તો અને તેમના પરિવારો સાથે છે.

પોર્ટુગલ દુતાવાસે એમ પણ કહ્યું છે કે, ભારત સ્થિત ભારતીય દૂતાવાસ સંબંધિત વિદેશી નાગરિકો અને તેમના પરિવારજનોને તમામ સંભવ મદદ કરી રહ્યા છીએ. દુતાવાસે ઈમરજન્સી મદદ માટે એક વિશેષ નંબર +૩૫૧ ૯૧૧ ૯૯૧ ૯૩૯ જાહેર કર્યો છે. એર ઈન્ડિયાએ સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, 'એર ઈન્ડિયાની ફલાઈ નંબર-એઆઈ૧૭૧ બપોરે ૧૩.૩૮ કલાકે અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ થઈ હતી, તેની થોડીક જ મિનિટોમાં ફ્લાઈટથી મેડે કૉલ મળ્યો અને પછી સંપર્ક તૂટી ગયો હતો. ત્યારબાદ વિમાન તુરંત એક રહેણાંક વિસ્તારમાં જઈને ક્રેશ થયું છે. એર ઈન્ડિયાએ વિમાનમાં સવાર મુસાફરોના પરિવારજનો માટે હેલ્પલાઈન નંબર ૧૮૦૦૫૬૯૧ ૪૪૪ જાહેર કર્યો છે. હાલ ઘટનાસ્થળે પૂરજોશમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

### ઘાયલોના તબીબી ખર્ચને પણ આવરી લેશે

# ટાટા ગ્રૂપ મૃતકોના પરિવારજનોને એક કરોડ રૂપિયાની સહાય આપશે

**ટાટા સન્સના ચેરમેન એન.ચંદ્રશેખરને કહ્યું એર ઇન્ડિયા ફ્લાઇટ સાથે જોડાયેલી દુઃખદ ઘટનાથી અમે ખૂબ જ દુઃખી છીએ**

નવી દિલ્હી, તા.૧૨

રુંવાડા ઉભા કરી દે તેવી હચમચાવી દેતી દુર્ઘટનાનું સાક્ષી અમદાવાદ બન્યું છે. અમદાવાદ પ્લેન ક્રેશમા સવાર તમામ ૨૪૦ મુસાફરોના મોત નિપજ્યા છે. તો આ દુર્ઘટનામાં બે મુસાફરોનો બચાવ થયો છે. તો બીજી તરફ, ટાટા ગ્રુપે તમામ મૃતકોના પરિવારજનોને ૧ કરોડની સહાયની જાહેરાત કરી છે.

ટાટા સન્સના ચેરમેન એન.ચંદ્રશેખરને આ માહિતી આપતા જણાવ્યું કે, એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ સાથે જોડાયેલી દુઃખદ ઘટનાથી અમે ખૂબ જ દુઃખી છીએ. આ ક્ષણે આપણે જે દુઃખ અનુભવી રહ્યા છીએ તે શબ્દોમાં વ્યક્ત કરી શકાતું નથી. અમારા વિચારો અને પ્રાર્થનાઓ એવા પરિવારો સાથે છે જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે અને જેઓ ઘાયલ થયા છે તેમની સાથે છે.

ટાટા ગ્રુપ આ દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવનાર દરેક વ્યક્તિના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય આપશે. અમે ઘાયલોના તબીબી ખર્ચને પણ આવરી લઈશું અને ખાતરી કરીશું કે તેમને બધી જરૂરી સંભાળ અને સહાય મળે. વધુમાં, અમે બીજે મેડિકલના હોસ્ટેલના નિર્માણમાં સહાય પૂરી પાડીશું. આ અકલ્પનીય સમયમાં અમે અસરગ્રસ્ત પરિવારો અને સમુદાયો સાથે ઊભા રહેવામાં અડગ રહીએ છીએ. ટાટા ગ્રુપ આ દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવનાર દરેક વ્યક્તિના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય આપશે. અમે ઘાયલોના તબીબી ખર્ચને પણ આવરી લઈશું અને ખાતરી કરીશું કે તેમને બધી જરૂરી સંભાળ અને સહાય મળે. વધુમાં, અમે બીજે મેડિકલના હોસ્ટેલના નિર્માણમાં સહાય પૂરી પાડીશું. આ અકલ્પનીય સમયમાં અમે અસરગ્રસ્ત પરિવારો અને સમુદાયો સાથે ઊભા રહેવામાં અડગ રહીએ છીએ.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)